CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૯    બુધવાર, તા.૦૩-૦૪-૨૦૨૪    અંક : ૨૦૬ વર્ષ : ૨૧    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# તમામ ઈવીએમ વોટ અને પેપર સ્લીપ ચકાસણીની માંગ

## સુપ્રિમ કોર્ટમાં અરજી પર સુનાવણી : ચૂંટણીપંચ અને સરકારને અદાલતે પાઠવી નોટીસ

નવીદિલ્હી,

સંસદીય મતવિસ્તારના દરેક વિધાનસભા મતવિસ્તારમાં માત્ર ૫ રેન્ડમલી સિલેક્ટેડ ઈવીએમના વેરિફિકેશનને બદલે ચૂંટણીમાં તમામ વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રેલ પેપર સ્લિપની ગણતરીની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી છે. જસ્ટિસ બીઆર ગવઈ અને સંદીપ મહેતાની ડિવિઝન બેન્ચે એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા માંગ કરતી અન્ય અરજી સાથેનો આદેશ પસાર કર્યો હતો.

અરજીમાં ECની માર્ગદર્શિકાને પણ પડકારવામાં આવ્યો છે જે જણાવે છે કે VVPAT ચકાસણી ક્રમિક એટલે કે એક પછી એક રીતે કરવામાં આવશે, જેનાથી બિનજરૂરી વિલંબ થશે. અરજીમાં એવી દલીલ કરવામાં આવી છે કે જો




વેરિફિકેશન એકસાથે કરવામાં આવે અને દરેક વિધાનસભા મતવિસ્તારમાં ગણતરી માટે વધુ સંખ્યામાં અધિકારીઓ તૈનાત કરવામાં આવે તો સંપૂર્ણ VVPAT વેરિફિકેશન ૫-૬ કલાકમાં થઈ શકે છે.

અરજદારે દલીલ કરી હતી કે જ્યારે સરકારે લગભગ ૨૪ લાખ VVPAT ની ખરીદી પર લગભગ ૫૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે, હાલમાં માત્ર ૨૦,૦૦૦ VVPAT સ્લિપની ચકાસણી કરવામાં આવે છે

VVPAT અને EVM ને લઈને નિષ્ણાતો દ્વારા ઘણા પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે અને હકીકત એ છે કે ભૂતકાળમાં EVM અને VVPAT મત ગણતરી વચ્ચે મોટી સંખ્યામાં વિસંગતતાઓ નોંધવામાં આવી છે તે જોતાં તે આવશ્યક છે કે તમામ VVPAT સ્લિપની ગણતરી કરવામાં આવે. આ યોગ્ય રીતે ચકાસવાની તક છે કે બેલેટ પેપરમાં તેના મતની ગણતરી પણ તેને મતપેટી પર શારીરિક રીતે તેની VVPAT સ્લિપ મૂકવાની મંજૂરી આપીને કરવામાં આવે છે.

## બાબા રામદેવ દેશની માફી માગે: સુપ્રીમ

### પતંજલિની ભ્રામક જાહેરાતો મુદ્દે સુપ્રીમે કહ્યું- સરકાર કેમ આંખ આડા કાન કરે છે

નવીદિલ્હી,

બાબા રામદેવ પતંજલિ આયુર્વેદની 'ભ્રામક જાહેરાત' મામલે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે. છેલ્લી સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે બાબા રામદેવ અને પતંજલિના એમડી આચાર્ય બાલકૃષ્ણને નોટિસનો જવાબ દાખલ ન કરવા બદલ ઠપકો આપ્યો હતો અને તેમને ૨ એપ્રિલ એટલે કે આજે હાજર થવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે, કંપનીએ આ મામલે પોતાની ભૂલ માટે બિનશરતી કોર્ટમાં માફી માગી હતી અને કહ્યું હતું કે તેઓ ભ્રામક જાહેરાતો નહી બતાવે.

આ પહેલા ૨૭ ફેબ્રુઆરીએ થયેલી સુનાવણીમાં કોર્ટે પતંજલિ આયુર્વેદની ભ્રામક દવાઓની જાહેરાતો પર પ્રતિબંધ લગાવી દીધો હતો. આ સિવાય તિરસ્કારની કાર્યવાહીમાં કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી હતી. કોર્ટે ગયા વર્ષે ભ્રામક જાહેરાતો ન આપવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ કંપનીએ તેની અવગણના કરી હતી.

## ક્ષત્રિય સમાજને મોટું મન રાખીને રુપાલાને માફ કરી દેવાની પાટીલે વિનંતી કરી

ગાંધીનગર,તા.૨

પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધને શાંત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની હાજરીમાં ગાંધીનગરમાં બેઠક યોજાઇ.બેઠક બાદ સી આર પાટીલે મીડિયા સમક્ષ નિવેદન આપ્યુ છે. તેમણે ક્ષત્રિય સમાજને મોટુ મન રાખીને રુપાલાને માફ કરી દેવા વિનંતી કરી છે.

પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધને શાંત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની હાજરીમાં ગાંધીનગરમાં બેઠક યોજાઇ.બેઠક બાદ સી આર પાટીલે મીડિયા સમક્ષ નિવેદન આપ્યુ છે. તેમણે ક્ષત્રિય સમાજને મોટુ મન રાખીને રુપાલાને માફ કરી દેવા વિનંતી કરી છે.

પરશોત્તમ રૂપાલાના વિવાદ મુદ્દે ગાંધીનગરમાં બેઠક યોજાયા બાદ ભાજપે ક્ષત્રિયોને માફી આપવા અરજી કરી છે. ક્ષત્રિય સમાજને મોટું મન રાખીને રુપાલાને માફ કરવા ભાજપે વિનંતી કરી. બેઠક બાદ સી આર પાટીલે જણાવ્યુ કે રૂપાલાની ટિપ્પણીને કારણે ક્ષત્રિય સમાજમાં રોષ ફેલાયો હતો.

## છત્તીસગઢમાં નક્સલવાદીઓ સામે મોટું ઓપરેશન : સુરક્ષાદળોએ ૯ને કર્યા ઠાર

### મધ્યપ્રદેશમાં પણ પોલીસ સાથેની અથડામણમાં બે નક્સલવાદીઓ માર્યા ગયા

બીઝાપુર,

છત્તીસગઢના બીઝાપુર જિલ્લામાં મંગળવારે ચૂંટણી પહેલા સુરક્ષાદળોને અથડામણમાં ૯ નક્સલીઓને ઠાર મારવામાં સફળતા મળી છે. આ અગાઉ મધ્યપ્રદેશના બાલાઘાટમાં પણ સૈન્યદળો બે નક્સલવાદીઓના ઢીમ ઢાળી દીધા હતા.

બસ્તર રેન્જના પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજે જણાવ્યું કે, ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લેન્દ્રા ગામ નજીકના જંગલમાં સવારે લગભગ ૬ વાગ્યે અથડામણ થઈ હતી. ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શનની ટીમે આ ઓપરેશન પાર પાડ્યું હતું. તેમજ વધુમાં જણાવ્યું કે, ગોળીબાર બંધ થયા બાદ ઘટનાસ્થળેથી ચાર નક્સલવાદીઓના મૃતદેહ, એક લાઈટ મશીનગન અને અન્ય હથિયારો મળી આવ્યા હતા. બીજાપુર જિલ્લો બસ્તર લોકસભા મતવિસ્તાર હેઠળ આવે છે, જ્યાં ૧૯ એપ્રિલે સામાન્ય ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાન થશે.

## સાંસદ સંજય સિંહને જામીન મળતા ૬ મહિના બાદ જેલની બહાર આવશે

નવીદિલ્હી,તા.૨

દારુ કૌભાંડમાં જેલમાં બંધ આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહને મોટી રાહત મળી છે. કોર્ટે તેમને જામીન આપ્યાં છે. દારુ કૌભાંડમાં જેલમાં બંધ આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહને મોટી રાહત મળી છે.સુપ્રીમ કોર્ટની જજોની બેન્ચે તેમને જામીન આપી દીધા છે. દિલ્હી દારુ કૌભાંડમાં સંજય સિંહ છેલ્લા છ મહિનાથી જેલમાં બંધ હતા અને હવે તેઓ જેલમાંથી બહાર આવશે અને રાજકીય ગતિવિધિઓમાં પણ ભાગ લઈ શકશે.

સંજીવ ખન્ના, જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ પીબી વરલેની બનેલી ત્રણ જજોની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી હતી. ખંડપીઠે ઈડીને પૂછ્યું હતું કે સંજય સિંહને હજી જેલમાં કેમ રાખવાની જરૂર છે? સંજયસિંહના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે મની લોન્ડરિંગની પુષ્ટિ થઈ નથી અને પૈસાનું પગેરુ પણ મળ્યું નથી. આમ છતાં સંજય સિંહ ૬ મહિનાથી જેલમાં છે.

સુપ્રીમ કોર્ટે મની લોન્ડરિંગના કેસમાં તેમની ધરપકડ અને રિમાન્ડને પડકારતી સંજયસિંહની અરજી પર સુનાવણી કરી રહી હતી. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે સંજયસિંહના વકીલની એ દલીલને

## આપના વધુ ચાર મોટા નેતાઓને જેલમાં ધકેલી દેવામાં આવશે,ઈડી વધુ દરાડો પાડશે: આતિશી

નવીદિલ્હી,તા.૨

દિલ્હીના મંત્રી આતિશીએ આજે પ્રેસ કોન્ફરન્સ કરીને મોટો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું કે ઈંદ્ઘ મારા ઘર પર દરોડા પાડી શકે છે અને આગામી દિવસોમાં મને જેલમાં પણ ધકેલી શકાય છે. તેણે એમ પણ કહ્યું કે સૌરભ અને રાઘવ ચઢ્ઢાની પણ ધરપકડ થઈ શકે છે. આતિશીએ કહ્યું કે અરવિંદ કેજરીવાલ રાજીનામું નહીં આપે.

આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ ખુલાસો કર્યો છે કે બીજેપીના એક નેતાએ તેની નજીકની વ્યક્તિનો સંપર્ક કર્યો છે. તેને કહેવામાં આવ્યું છે કે જો આતિશી તેની કારકિર્દી બચાવવા માંગતી હોય તો તે જલ્દી જ ભાજપમાં જોડાઈ જાય, નહીં તો તેની પણ ધરપકડ કરવામાં આવશે. તેમને ખબર પડી કે ભાજપ આમ આદમી પાર્ટીને કચડી નાખવા માંગે છે. તેની સાથે આ એપિસોડમાં સૌરવ ભારદ્વાજ, રાઘવ ચઢ્ઢા અને દુર્ગેશ પાઠકની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. તેમના ઘરો પર પણ દરોડા પાડવામાં આવશે અને પછી સમન્સ મોકલવામાં આવશે. તે દરમિયાન તેની ધરપકડ કરવાની યોજના છે.આપ નેતા આતિશીએ કહ્યું કે આગામી દિવસોમાં મને, દુર્ગેશ, સૌરભ ભારદ્વાજ અને રાઘવ ચઢ્ઢાને જેલમાં ધકેલી દેવામાં આવશે. આગામી દિવસોમાં મારા ઘર, મારા પરિવારના સભ્યોના ઘર અને મારા સંબંધીઓના ઘર પર ઈડીના દરોડા પાડવામાં આવશે. આ પછી, અમને સમન્સ મોકલવામાં આવશે અને પછી અમારી ચારેયની ધરપકડ કરવામાં આવશે.

## અલ જઝીરા હવે ઈઝરાયેલથી પ્રસારિત થશે નહીં : નેતન્યાહુ

### ઈઝરાયેલની વિધાનસભાએ નવો વિધેયક પસાર કર્યો

તેલઅવીવ,

ઈઝરાયેલની વિધાનસભાએ નવો વિધેયક પસાર કર્યો હતો, જેમાં કતાર સ્થિત અલ જઝીરા ન્યૂઝ નેટવર્કને બંધ કરવાનો ઉલરખ કરવામાં આવ્યો હતો, જે કાયદા હેઠળ વિદેશી ન્યૂઝ નેટવર્ક્સ પર કામચલાઉ પ્રતિબંધને મંજૂર કરવામાં આવ્યો છે.

ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ જણાવ્યું હતું કે તેઓ અલ જઝીરા સામે કાયદો લાગુ કરવા માટે ત્વરિત પગલાં લેશે, કતાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ સમાચાર આઉટલેટ પર હમાસના ઈઝરાયેલ વિરુદ્ધ ઑક્ટોબર ૭ના હુમલાને સમર્થન આપવાનો અને યુએસ દ્વારા નિયુક્ત કરવામાં આવ્યો હોવાનો આરોપ મૂક્યો હતો. તેના પર આતંકવાદી સંગઠનના મુખપત્ર તરીકે કામ કરવાનો આરોપ મૂક્યો હતો. નેતન્યાહુએ તેના ઠ એકાઉન્ટ પર હિબ્રુમાં પોસ્ટ કર્યું "આતંકવાદી ચેનલ અલ જઝીરા હવે ઈઝરાયેલથી પ્રસારિત થશે નહી. હું ચેનલની પ્રવૃત્તિને રોકવા માટે નવા કાયદા અનુસાર તાત્કાલિક પગલાં લેવા માગું છું," ધ ટાઈમ્સ ઑફ ઈઝરાયેલ અહેવાલ આપ્યો છે કે, ઈઝરાયેલની સંસદમાં ૧૦ વિરુદ્ધ ૭૧ મતથી કાયદો પસાર કરવામાં આવ્યો હતો.

## દુનિયામાં આજે સેમી કંડક્ટર ચિપ્સની સ્પર્ધા : એસ. જયશંકર

### ૧૦૪ વિશ્વ વિદ્યાલયના ઈજનેરી કોર્સમાં પરિવર્તન લાવશે, ૫૦ હજાર ઈજનેર સેમી કંડક્ટર ઈન્ડસ્ટ્રીઝમાં હશે

રાજકોટ

સેમિકન્ડક્ટર ચિપને ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોનું હૃદય માનવામાં આવે છે. સ્માર્ટફોનથી લઈને કાર, ડેટા સેન્સર્સ, કોમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ, સ્માર્ટ ઉપકરણો, વાહનો, ઘરગથ્થુ ઉપકરણો, જીવન રક્ષક ફાર્માસ્યુટિકલ ઉપકરણો, એગ્રી ટેક, એટીએમ અને અન્ય ઘણા ઉત્પાદનોમાં તેનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. આ જ કારણ છે કે સરકાર દેશમાં ચિપ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માગે છે.

રાજકોટ આવેલા દેશના વિદેશ પ્રધાન એસ. જયશંકરે જણાવ્યું હતું કે, આજે સેમી કંડક્ટર ચિપ્સની સ્પર્ધા ચાલી રહી છે. તાજેતરમાં જ ચિપ્સની ફેક્ટરી ગુજરાતમાં ધોલેરામાં બનશે. ૧૦૪ વિશ્વ વિદ્યાલયના ઈજનેરી કોર્સમાં પરિવર્તન લાવશે. ૫૦ હજાર ઈજનેર સેમી કંડક્ટર ઈન્ડસ્ટ્રીઝમાં હશે.

## વોટ્સએપએ એકસાથે ૭૬ લાખ એકાઉન્ટ પર મૂક્યો પ્રતિબંધ

### ૧૪,૨૪,૦૦૦ એકાઉન્ટ હંમેશા માટે બેન કરી દેવામાં આવ્યા

નવીદિલ્હી,

વોટ્સએપએવધુ એક મોટુ એક્શન લીધુ છે. જેના હેઠળ લગભગ ૭૬ લાખ વોટ્સએપ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા છે. રિપોર્ટ અનુસાર ૧ ફેબ્રુઆરીથી ૨૯ ફેબ્રુઆરી સુધી લગભગ ૭૬,૨૮,૦૦૦ ઉરઙંજર્છ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા છે. તેમાંથી ૧૪,૨૪,૦૦૦ એકાઉન્ટને હંમેશા માટે બેન કરી દેવામાં આવ્યા છે.

વોટ્સએપએએ કહ્યું છે કે તેમની તરફથી આઈટી નિયમ ૨૦૨૧ના ઉલ્લંઘનના આરોપ ફેબ્રુઆરી મહિનામાં ૭૬ લાખ વોટ્સએપ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા છે. મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપને ભારતમાં લગભગ ૫૦૦ મિલિયનથી વધારે યુઝર્સ છે. ફેબ્રુઆરીમાં દેશમાં રેકોર્ડ ૧૬,૬૧૮ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. સાથે જ રેકોર્ડ સંખ્યામાં કાર્યવાહી કરવામાં આવી. તેના પહેલા જાન્યુઆરી મહિનામાં ૬૭,૨૮,૦૦૦ વોટ્સએપ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા હતા.

તમારૂ એકાઉન્ટ ભૂલથી બેન થઈ ગયું હોય તો તમે વોટ્સએપને ઈમેલ કરીને રિવ્યૂ રિક્વેસ્ટ કરી શકો છો.

## મોદી તમારા માટે મહેનત કરવા માટે પેદા થયો છે, ના રોકાવાનું છે, ના થાકવાનું છે

ઉત્તરાખંડના રૂદ્રપુરમાં વડાપ્રધાન મોદીની રેલી



નવીદિલ્હી,

પીએમ મોદીએ ઉત્તરાખંડના રૂદ્રપુરમાં લોકસભા ચૂંટણીને લઈને રેલી કરતા કહ્યું, "મોદીની ગેરંટીએ ઉત્તરાખંડના ઘર-ઘરમાં સુવિધા પહોંચાડી છે,લોકોનું સ્વાભિમાન વધાર્યુ છે. હવે ત્રીજી ટર્મમાં તમારો આ પુત્ર એક મોટું કામ કરવા જઈ રહ્યો છે. તમને ૨૪ કલાક વિજળી મળે, વિજળીનું બિલ ઝીરો થાય અને વિજળીથી કમાણી પણ થાય, તેના માટે મોદીએ 'પીએમ સૂર્ય ઘર મફત વિજળી યોજના' શરૂ કરી છે."

પીએમ મોદીએ કહ્યુ કે, ૧૦ વર્ષમાં જે વિકાસ થયો તે તો માત્ર ટ્રેલર છે, હજુ તો ઘણુ કરવાનું બાકી છે. હજુ તો આપણે દેશને ઘણુ આગળ લઈને જવાનું છે, ત્યાર સુધી ના રોકાવાનું છે, ના થાકવાનું છે. મોદી મૌજ કરવા માટે પેદા નથી થયો, મોદી મહેનત કરવા માટે પેદા થયો છે. મોદી તમારા માટે મહેનત કરવા માટે પેદા થયો છે.

પીએમ મોદીએ કહ્યું કે, અમે ભારતને દુનિયાની ત્રીજી સૌથી મોટી આર્થિક તાકાત બનાવવાની ગેરંટી આપી છે. ત્રીજી સૌથી મોટી આર્થિક તાકાતનો અર્થ છે- લોકોની કમાણી વધશે, નોકરીની તક વધશે અને ગામ-શહેરમાં સુવિધા વધશે. વડાપ્રધાન મોદીએ કહ્યું, "હું કહું છું કે ભ્રષ્ટાચાર હટાઓ, તે કહે છે ભ્રષ્ટાચારી બચાવોપપરંતુ મોદી તેમની ગાળ અને ધમકીઓથી ડરવાનો નથી. દરેક ભ્રષ્ટ પર કાર્યવાહી ચાલુ રહેશે અને ત્રીજી ટર્મની શરૂઆતમાં ભ્રષ્ટાચાર પર વધારે પ્રહાર થશેપભ્રષ્ટાચાર દરેક ગરીબનો હક છીનવે છે, મધ્યમ વર્ગનો હક છીનવે છે અને હું ગરીબનો હક, મધ્યમ વર્ગનો હક કોઈને છીનવવા નહી દઉં."

CMYK

સૌરાષ્ટ્ર આજતક

# ઉનામાં માધવ બાગ ખાતે ઘર ઘર ચલો અભિયાન અંતર્ગત મીટીંગ યોજાઈ



કૈલેશ ભટ્ટ ઉના:આજરોજ ગીર સોમનાથ જિલ્લાના ૯૩ ઉના વિધાનસભાના ઉના માધવ બાગ મુકામે ઘર ઘર ચલો અભિયાન અંતર્ગત ઉના ગીરગઢડા તાલુકાના માનનીય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમા વિશેષ ઉપસ્થિતિમાં ૧૩ જુનાગઢ લોકસભાના ઉમેદવાર શ્રી રાજેશભાઈ ચુડાસમા, જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ પીઠિયા, ઉના વિધાનસભા પ્રભારી આરતીબેન જોષી, કોડિનાર વિધાનસભા પ્રભારી આધ્યાશક્તિબેન મજમુદાર, જુનાગઢ લોકસભા વિસ્તારક વૈભવભાઈ પટેલ, ઉના વિધાનસભા વિસ્તારક હર્ષભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, શહેર ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ, નગરપાલિકાના પ્રમુખશ્રી પરેશભાઈ બાંભણિયા,તાલુકા પંચાયતના પ્રમુખશ્રી એભાભાઈ મકવાણા, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન શ્રી ડાયાભાઈ જાલોંધરા,તાલુકા પંચાયત જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યશ્રીઓ નગરપાલિકાના સદસ્યશ્રીઓ સંગઠનના હોદ્દેદારો તમામ ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# આધારકાર્ડના ઓપરેટરોનો પગાર નહિ થતાં હડતાલ પર ઉતર્યા

અમરેલી:

અમરેલી જિલ્લામાં ૧૧ સેન્ટરો પર આધારકાર્ડની કામગીરી ઠપ થઈ ગઈ છે મામલતદાર જનસેવા કેન્દ્ર માં આધારકાર્ડ ડિપારમેન્ટના ઓપરેટરોનો છેલ્લા છ મહિનાથી વઢવાણની શિવમ અને ભાવનગરની ગોપીનાથ એજન્સી દ્વારા પગાર નહિ ચૂકવતા ઓપરેટરો ઉતર્યા છે હડતાલ પર સાવરકુંડલાના ઓપરેટર પ્રકાશ બગડાએ જણાવતા કહ્યુ હતુ કે અમો આધારકાર્ડ ઓપરેટરોને નિયમિત પગાર નહિ ચૂકવવામાં આવતાં હડતાલ પર ઉતર્યા છીએ જ્યાં સુધી અમોને પગાર નહિ ચૂકવવામાં આવે ત્યાં સુધી અમારી હડતાલ યથાવત રહશે આધારકાર્ડના ઓપરેટરોની હડતાલના કારણે અરજદારોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો છે.એમ યોગેશ ઉનડકટની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું

# અકસ્માતે મોત નિપજતા વારસદારને પ્રધાન મંત્રી વીમા યોજના હેઠળ ચેક અર્પણ

ઉના:ઉના તાલુકાના સીમર ગામમાં રહેતો યુવાનનું અકસ્માતે મોત નિપજ્યુ હતું. આ મૃતક યુવાના વારસદારને બેંકમાં પ્રધાન મંત્રીની વીમા યોજના હેઠળ વારસદારને સહાય રકમનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. સિમર ગામના બાલુભાઈ હનુભાઈ ગોહિલનું પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ વીમો ઉતરાવેલ હોય અને બાલુભાઈનું અકસ્માતે મોત નિપજતા તેમનાં વારસદાર ભાવનાબેન બાલુભાઈ ગોહિલને રૂ .૨૦ નો પ્રધાન મંત્રી સુરક્ષા વીમા હેઠળ રૂ.૨ લાખની સહાય બેંક દ્વારા પાસ કરવામા આવી હતી. અને આ સહાય રકમનો ચેક વારસદાર તેમનાં પત્નીને અર્પણ કરવામાં આવ્યો હતો. આમ ગરીબ પરિવારના મુખ્ય મોભીનું અકસ્માતે મોત નિપજતા સરકારની



યોજના હેઠળ લાભ મળેલ હતો. આ તકે સીમર એસ બી આઈ, સી એસ પી મહેશભાઈ સોલંકી ઉર્ફે ગોપાલભાઈ, એસબીઆઈ બેંકના મેનેજર કનકસિંહ રાઠવા તેમજ દેવેન્દ્રભાઈ સહિતના સ્ટાફ હસ્તે રકમનો ચેક અર્પણ કરવામાં આવેલ છે.

# ઉનાના સનખડા ગામે આરોગ્ય કેન્દ્રની એમ્બ્યુલન્સ છેલ્લા બે વર્ષથી ધૂળ ખાય છે

ઉના:ઉના તાલુકાના સનખડા ગામે પીએસસી આરોગ્ય કેન્દ્ર આવેલું છે જયાં છેલ્લા ઘણા સમયથી એમબીબીએસ ડોક્ટર અને છેલ્લા બે વર્ષથી એમ્બ્યુલન્સ પણ ધૂળ ખાઈ રહી છે જોકે આ આરોગ્ય કેન્દ્ર હેઠળ તેર ગામો આવે છે જોકે આ ૧૩ ગામના લોકોને એમ્બ્યુલન્સની તાત્કાલિક જરૂરિયાત ઊભી થાય તો શું કરવું હાલમાં આ તેર ગામના લોકોને એમબીબીએસ ડોક્ટરના હોવાથી સામતેર અથવા ઉના ધક્કા ખાવાનો વારો આવે છે

ગાંગડા :સરપંચ પ્રતિનિધિ નો સંપર્ક ટેલિફોનિક કરતા તેઓએ જણાવેલું કે અમારે અહીંથી ત્રણ કિલોમીટરની અંદર સનખડા પીએચસી લાગુ પડે છે પણ ક્યારેક અમારા ગામના લોકોને જો કુતરુ કરડે તો ઇન્જેક્શન માટે પણ ધક્કા ખાવા પડે છેઅને ફિલ્ડ કર્મચારી ઓ બે થી ત્રણ ધરે જય ને સંતોષ માની લેય છે

સોંદરડા : સનખડા પીએસસી સેન્ટર નીચે આવતા સોંદરડા



ગામના સરપંચ પ્રતિનિધિ નો સંપર્ક કરતા તેઓએ જણાવેલું કે છેલ્લા ૧૦ થી ૧૫ દિવસમાં અમારા ગામમાં કોઈ આરોગ્ય કર્મચારીઓ દેખાયા નથી

માણેકપુર : સનખડા પીએસસી સેન્ટર નીસે આવતા માણેકપુર ગામમાં સરપંચ સાથે ટેલિફોનિક વાતચીત કરતા તેઓએ જણાવેલું કે આરોગ્ય કર્મચારીઓ બુધવાર રેઆવે સે પેટા આરોગ્ય કેન્દ્ર ના સીએચઓ મને ક્યારેય મળ્યા નથી મળ્યા હોય તો મને ખ્યાલ નથી. સોંદરડી ગામના સરપંચએ જણાવેલું કે અમારા ગામમાં આરોગ્ય કર્મચારીઓ દર આઠ દિવસે પંદર દિવસે આવે છે.

# ગ્રામ્ય કક્ષાએ કમ્પોઝ પીટ બનાવવાની પધ્ધતિમાં ફેરફાર કરી નાણાનો વ્યય અટકાવવા વડાપ્રધાન પાસે માંગણી

સાવરકુંડલા:

સાવરકુંડલા તાલુકાના પીયાવા ગામના યુવા અગ્રણી અને ખેડૂત ચિરાગ હિરપરા વડાપ્રધાનને પત્ર પાઠવી અમરેલી જીલ્લામાં ગ્રામ પંચાયતના માધ્યમથી ગામમાંથી કચરાનો યોગ્ય નિકાલ થાય તેમજ ગામડું સુંદર, સ્વચ્છ અને રોગચાળોનો ફેલાવવો ન થાય અને ગામમાંથી એકત્રીત કરેલ કચરામાંથી સુકો અને ભીનો કચરો જુદો પાડી ભીના કચરાને કમ્પોઝ પીટ એટલે કે ખાતરના ખાડાની અંદર નાખી સડવવામાં આવે અને સડી ગયા બાદ જે ભીના કચરાનું ખાતર બને છે આમ ભીના અને સૂકા કચરાનું વિભાજન કરી તેનું ગ્રામ પંચાયત દ્વારા વેચાણ કરી સ્થાનિક ગ્રામ પંચાયતને આવકનો સ્રોત ઊભો થાય તેમ છે તેમજ ખાતરનો ગામના ખેડૂતોની જમીનોમાં




ઉપયોગ થવાથી જમીનો ફળદ્રુપ રહે અને આ બધીજ વ્યવસ્થા કરવાના ભાગરૂપે ગ્રામ્ય કક્ષાએ નાના માણસોને રોજગારીનું સર્જન થાય આવા સારા હેતુથી ભારત સરકાર દ્વારા દેશના દરેક ગામડે ગામડે કમ્પોઝ પીટ ખાતરના ખાડાનું નિર્માણ હાલ થઈ રહ્યું છે પરંતુ કમ્પોઝ પીટ ખાતરનો ખાડો બનાવવાની પદ્ધતિ જમીનના ઉપરના ભાગે હોવાથી જેનો હેતુ સિદ્ધ થતો જણાતો નથી આ સ્વચ્છ ભારત યોજના અંતર્ગત પૈકીની કમ્પોઝ પીટ ખાતરના ખાડાની યોજનાનો હેતુ સિદ્ધ કરવા જેવી રીતે ગ્રામ્ય કક્ષાએ ગામડાના લોકો અને ખેડૂતો જમીનના અંદરના ભાગે ખાડો કરી કચરો ખાડામાં નાખી ખાતર બનાવતા હોય આમ કરવાથી કચરાને જમીનના અંદરના ભાગે જમીનની ગરમી મળે અને તેમાં રહેલો ભેજ જમીન સરળતાથી શોષીલે તો જ થોડા સમયમાં સારું અને ગુણવત્તા વાળુ ખાતર બને છે ભારત સરકાર દ્વારા કમ્પોઝ પીટ (ખાતરના ખાડા) બનાવવાની પદ્ધતિ (ડિઝાઈન)માં ફેરફાર કરી જે તે ગામની જરૂરિયાત મુજબ રકાબી આકારનો જમીનની અંદરના ભાગે ખુલ્લો ખાડો કરી અને ખાડા ફરતે એક થી બે ફૂટ પાકુ ચણતર કરવામાં આવે અને ખાડો બનાવવાની પદ્ધતિ (ડિઝાઈન)માં ફેરફાર કરવામાં આવે આમ અમારા મંતવ્ય પ્રમાણે અમે આપને કમ્પોઝ પીટ ખાતરનો ખાડો બનાવવાની ડિઝાઈનમાં ફેરફાર કરવો જરૂરી છે તેમ વડાપ્રધાનને પત્ર પાઠવી ચિરાગ હિરપરાએ રજુઆત કર્યાનું જણાવ્યું છે.

# વડાળી, તેમજ પડધરીના ગામોમાં પોસ્ટરો લાગ્યા,ભાજપને પ્રચાર માટે પ્રવેશબંધી

રાજકોટ:

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા સામે રાજપૂત સમાજમાં દિવસેને દિવસે રોષ વધુ તેજ બની રહ્યો છે. રાજકોટ જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાના ગામ વડાળી સહિતના ગામોમાં ભાજપના પ્રચારકોને પ્રવેશબંધી વાળા પોસ્ટરો લાગી રહ્યા છે.વડાળી ગામમાં ક્ષાત્રયુવા ગ્રૂપ વડાળીના નામે પોસ્ટલ ફરતા થયા છે. અમે સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજ વડાળી વિરોધ કરીએ છીએ કે જ્યાં સુધી પરસોત્તમ રૂપાલાની ટિકિટ રદ ન થાય ત્યાં સુધી ભાજપના ઉમેદવાર કે પ્રચારકોને વડાળી ગામમાં આવવું નહીં. આવા જ પોસ્ટર પડધરીના ખાખડાબેલા ગામ, હડમતિયા જંકશન ગામમાં પણ




લાગ્યા છે.રાજપૂત સમાજના આગેવાનોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, રૂપાલાની ટિકિટ રદ નહીં કરાય તો ભાજપે પરિણામ ભોગવવું પડશે. આગામી દિવસોમાં માત્ર રાજકોટ લોકસભા વિસ્તારના ગામો જ નહીં પરંતુ શહેરી વિસ્તારોમાં પણ ભાજપને પ્રવેશબંધી કરાશે. સોમવારે લોધિકાના રાજપૂત આગેવાનોએ મામલતદારને આવેદન પત્ર આપી ઉગ્ર વિરોધ કર્યો હતો.

# પ્રગતિશીલ ખેડૂતે ગાય આધારિત ખેતી કરી તરબૂચના મબલખ પાકનું ઉત્પાદન મેળવ્યું

ઉના:ઉનાના સામતેર ગામના પ્રગતિશીલ ખેડૂતે ગાય આધારિત ઓર્ગેનિક ખેતી કરી તરબૂચના વાવેતર કર્યું અને આ પાકનું મબલખ ઉત્પાદન મેળવી રહ્યાં છે. અને લોકોને દવા વગરનું ઉત્પાદન મેળવી, ઝેર મુક્ત રાખી ઓર્ગેનિક પાક તરબૂચનું ધુમ ઉત્પાદન કરી વેચાણ કરતા લોકો આ તરબૂચની ખરીદી માટે અગાઉ બુક કરી અને ખરીદી કરે છે.

સામતેર ગામે ખેતીવાડી ધરાવતા ખેડુત ભરતભાઈ લખમણભાઇ પરમારએ સીમમાં પોતાની અઢી વીઘાની ખેતી જમીનમાં ગાય આધારિત ખેતી કરી અને તરબૂચના પાકનું વાવેતર કર્યું હતું. આ તરબૂચના વાવેતરમાં મબલક પાક લઈ રહ્યા હોય ભરતભાઈ જણાવેલ કે તરબૂચમાં તેને ગૌમૂત્ર ગાયનું દૂધ પોતાની ઘરે તેમને અન એરોબિક જીવા અમૃત પ્લાન પણ ઘરે બેસાડેલો છે. તેમાં પોતે જાતે દવા બનાવે છે જોકે તે દવામાં ગૌમુત્ર, ગોળ, આંકડો, લીમડો વગેરે ઔષધીનો ઉપયોગ કરવામાં આવે છે.

હાલના યુગમાં ખેડૂતો મોંઘા ભાવની જંતુનાશક દવાઓ છાંટે છે તો પણ ઉત્પાદન સારૂ મળતું ન હોય પરંતુ આ ખેડુતે ઓર્ગેનિક ખેતી કરી અને અઢી વીઘા ખેતી જમીનમાંથી



અંદાજે ૧૫૦૦ થી ૧૬૦૦ મણ તરબૂચનો પાકનું ઉત્પાદન મેળવશે. જોકે વધુમાં જણાવેલ કે આ તરબૂચ મારે ખેતરેથી લોકોને જ ખવડાવવા છે. માર્કેટમાં જવા દેવા નથી અને મારે ખેતરે બેઠા બેઠાજ વેચાણ કરી રહ્યો છું અને આ ઓર્ગેનિક તરબૂચ માર્કેટ કરતા થોડો ભાવ વધારે છે પરંતુ મારે લોકોને ઝેર મુક્ત ખોરાક તરફ વાળવા છે.

વધુમાં જણાવેલ કે હું ખેડૂતોને પણ સલાહ આપું છું કે ગૌ આધારિત ખેતી કરો જોકે પહેલા બે થી ત્રણ વર્ષ ઉત્પાદન ઓછું આવે છે. અને બાદમાં બે ગણું ઉત્પાદન મેળવી શકાય છે. જે પણ વસ્તુઓનું વાવેતર બાદ તેનો સારો ભાવ મળેજ છે. અને તરબૂચ સારી મીઠાશ સાથે સારો સ્વાદ પણ આવે છે. ગૌ આધારિત ખેતી કરતા ખેડૂતોની સંખ્યા બહુ ઓછી હોય છે.

જે આ ખેતી કરતા હોય તે ખેડૂતને માર્કેટમાં જવાની પણ જરૂર નથી, લોકો સારુ ખાવા માટે ખેતરથીજ તરબૂચ લઈ જાય છે. ખેડૂત ભરતભાઈ પરમારે વધુમાં જણાવેલ કે લોકોને ઝેર મુક્ત ખોરાક તરફ વળ્યા હોય તેવું લાગે છે કારણકે મારે તરબૂચ ઉતરવાના શરૂ થયા ત્યારથી સારા સારા વ્યક્તિઓના ઓર્ડર આવવા લાગ્યા છે. ખેડૂત ગાય આધારિત ખેતી તરફ ઓછા ખર્ચામાં વધુ ઉત્પાદન લઈ શકે અને ઝેર મુક્ત ખોરાક ખાઈ શકે અને ખવડાવી શકે.

# ગીર સોમનાથ જિલ્લા એકતા સમિતિ ની રચના કરવામાં આવી

ઉના:રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા જળવાઈ રહે તે માટે માર્ગદર્શક સૂચનો કરવા અને કોમવાદ જ્ઞાતિવાદ તેમજ પ્રાદેશિકતાવાદ જેવા અનિષ્ટોને દુર કરવાના ઉપાયો સુચવવા ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય એકતા પરિષદની રચના કરવામાં આવેલ છે તે જ રીતે રાજય કક્ષાએ પણ રાષ્ટ્રીય એકતા અને અખંડીતતાના સંવર્ધન સમગ્ર રાજયમાં શાંતિ, એકતા અને સદભાવના જાળવી રાખવાના હેતુસર રાજય એકતા સમિતિની રચના કરવામાં આવેલ છે.આ જ રીતે રાજયમાં કોમી એકતા અને એખલાસભર્યું વાતાવરણ જાળવી રાખવા, કોમી બનાવોને તથા કોમી તંગદિલી



નિવારવા સારૂ સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણે લીધેલ ઠરાવથી રાજયના દરેક જિલ્લાઓમાં જિલ્લા એકતા સમિતિ'ની રચના કરવાનું ઠરાવવામાં આવેલ છે સબબ ઉકત વિગતે નીચે મુજબની ગીર સોમનાથ જિલ્લાની જિલ્લા એકતા સમિતિ ની આથી રચના કરવામાં આવે છે સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવ મુજબ ગીરસોમનાથ જીલ્લા એકતા સમિતીમા બિનસરકારી સભ્ય તરીકે ગીર સોમનાથ જીલ્લા બક્ષીપંચ પંચમંદા મુસ્લીમ સમાજ ઉત્થાન સમિતિ સંઘનાં ગુજરાત પ્રદેશ પ્રેસિડેન્ટ તથા ગીર સોમનાથ જિલ્લા નાં સમસ્ત ઘાંચી મુસ્લીમ સમાજ ના અધ્યક્ષ તથા જૂનાગઢ ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ જિલ્લા પ્રમુખ જનાબ સુલેમાન ભાઈ ગઢીયા ની નિમણૂક થતા ખૂબ ખૂબ અભીનંદન ની વર્ષા થઈ રહી છે આ સમિતીમા જીલ્લા કલેક્ટર જીલ્લા વિકાસ અધિકારી જીલ્લા એસપી સાસંદ ભાજપના ધારાસભ્યો જીલ્લા પંચાયત પ્રમુખ અને જીલ્લાના વિવિધક્ષેત્રના પ્રતિષ્ઠીત નાગરિકોની નિમણૂક કરવામા આવી છે .

# બાળકી પર ખરાબ કૃત્ય આચરનારને બે વર્ષની સખત કેદ, ૬હજારના દંડનો હુકમ

ઉના:ઉનાના સોનારી ગામે રહેતો શખ્સે દોઢ વર્ષ પહેલા બાળકીને નીરણ લેવાં જવાના બહાને બાઈક પર લઈ જઈ તેની સાથે ખરાબ કૃત્ય આચરનાર નરાધમને ઉના એડિશનલ સેશન્સ કોર્ટે બે વર્ષની સખત કેદ તથા છ હજારનો દંડનો હુકમ ફરમાવ્યો હતો. આમ આવું કૃત્ય કરનારા ઓમાં ફફડાટ મચી ગયેલ.ગત તા. ૨૪ જૂન ૨૦૨૨ ના રોજ ઉના તાલુકાના સોનારી ગામે રહેતી બાળકી પોતાની માતા સાથે તળાવ પાસે કપડાં ધોવા માટે ગયેલી હતી. તે વખતે સોનારી ગામનો અલ્પેશ ઉર્ફે જાડો ભાણા સોલંકી ત્યાં પહોચી ગયો હતો. અને ત્યાં બાળકીને આ શખ્સે નજીક વાડીએ નીરણ લેવા માટેનું બહાનું કરી બાઈક પર બેસાડી નજીક આવેલ બાવળની ઝાડીમાં લઈ ગયો હતો. અને આશખ્સે પોતાના કપડાં કાઢી બાળકીને આગળનો ભાગ બતાવ તેવુ ખરાબ કૃત્ય કરવા કહેતા બાળકી ગભરાઈ ગયેલ હતી. અને ત્યાંથી ભાગીને પોતાની માતા પાસે જતી રહી હતી. આ સમગ્ર ઘટના બાબતે બાળકીએ પોતાની માતાને કહેતા ભોગ બનનારના નાના એ આ અંગેની ઉના પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે અંગેનો કેસ એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા ભોગ બનનારની જુબાની, પોલીસ સાહેદોની જુબાની તેમજ સરકારી વકીલ પક્ષે મોહનભાઈ ગોહીલની દલીલોને માન્ય રાખી ઉનાની એડિશનલ સેશન્સ કોર્ટે આરોપી અલ્પેશ ઉર્ફે જાડોને આ બનાવ સમયે પરિણીત હતો અને બે બાળકોનો પિતા હોવા છતાં આવું ખરાબ કૃત્ય આચરેલ હોય આ નરાધમ શખ્સને એડિશનલ સેશન્સ કોર્ટે બે વર્ષની સખત કેદ તેમજ રૂ. ૬૦૦૦ ના દંડનો હુકમ કર્યો છે.

# ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે છાસ કેન્દ્રનો પ્રારંભ

સાવરકુંડલા:સેવાકાર્યનું વટવૃક્ષ અને જીવંતતા દર્શાવતાં



ગાયત્રી સંસ્કાર ધામ ચલાલા ખાતે કે જયાં સેવા, સંસ્કાર, આરોગ્ય, પશુસેવા, સમૂહ લગ્ન જેવી પ્રવૃતિઓ અખંડ ચાલી રહી છે. જેના ભાગ રૂપે ઉનાળાની શરૂઆત થઇ ગઈ છે. તો અમૃતના ઓડકારસમી છાશનું વિતરણ શરુ કરેલ છે. આ છાશ કેન્દ્રમાં આસપાસના વિસ્તારમાં ૫૦ જેટલા જરૂરિયાતમંદ કુટુંબોના ૨૫૦ જેટલા લોકો આ છાશ કેન્દ્રનો લાભ લઇ રહ્યા છે. અને અંતરના આશીર્વાદ આપી રહ્યા છે. પૂ. રતિદાદાએ જણાવ્યું હતું કે આ છાશકેન્દ્ર એપ્રિલ, મેં, જુન એમ ત્રણ મહિના ચાલશે અને અનેક લોકો આ સેવાકાર્યનો લાભ લેશે.

# મારૂ રાજપૂત સમાજનું ગૌરવ

ઊના:ઊના મારૂ રાજપૂત સમાજની પ્રથમ દિકરી અને ઊના તાલુકાના ભાચા ગામ ની શ્રી મારૂ રાજપૂત સમાજ ની દીકરી રીટાબેન કશ્યપ ભાઈ ડાંગોદરા ના લગ્ન ગીર ગઢડા તાલુકાના અંબાડા ગામે લગ્ન થયેલ અને લગ્ન પછી માતા અને પિતા નું સ્વપ્ન પૂરું કરવા સાસરિયાં ના સહકાર થી ખંત પૂર્વક મહેનત કરી



પોલીસ મા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર ભરતી ની પરીક્ષા આપી હતી જેમાં તે પાસ થઈ હતી અને બાર મહિના સુધી કઠિન તાલીમ મેળવી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર બની જતા તેમનું પહેલું છ.જીં..તરીકે સુરત શહેર પોલીસ માં પોસ્ટિંગ થતા ફરજ ઉપર હાજર થયા હતા. તેમના પરિવાર દ્વારા અંબાડા ગામની સરકારી પ્રાથમિક શાળામાં ભણતા ૩૦૦ વિદ્યાર્થીઓ ને શૈક્ષણીક કીટ, પાણી ની બોટલ, અને ચોકલેટ આપી બાળ પુરુસ્કાર વિતરણ કરવામાં આવ્યું હતું.

# ઝૂડવડલી પ્રાથમિક શાળાનું ગૌરવ

ઉના:

શ્રી ઝુડવડલી પ્રાથમિક શાળા માં અભ્યાસ કરતી દીકરી શિવાંગી જીતુભાઈ ખરા જવાહર નવોદય વિદ્યાલય ની પરીક્ષા મેરીટ ગુણો થી પાસ થય જવાહર નવોદય વિદ્યાલય માં પ્રવેશ માટે પસંદ થતાં શ્રી ઝુડવડલી પ્રાથમિક શાળા પરિવાર દીકરી ને ખૂબ ખુબ અભિનંદન પાઠવે છે.ગામ ની કોઈ દીકરી નવોદય માં પસંદ થાય એ ગામ માટે પણ ગૌરવની બાબત કહેવાય.ખૂબ ખૂબ અભિનંદન.આ દીકરી ક્યાંય ટ્યુશન ક્લાસ પણ કરેલા નથી માત્ર શાળા ના શિક્ષકો અને. ઘરે કરેલ મહેનત નું આ પરિણામ છે.

# લોકસભા સામાન્ય ચૂંટણીઃ કામગીરી પર ૧૧,૫૦૧ અધિકારી-કર્મચારીઓ ફરજ બજાવશે

(અતુલ કારિયા) અમરેલી:

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત સમગ્ર જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી છે. અમરેલી જિલ્લાની લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ યોજાશે, મતગણતરી તા.૦૪ જૂન, ૨૦૨૪ના રોજ થશે. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને લગતી કામગીરી પર ૧૧,૫૦૧ અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ ફરજ બજાવશે. ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી માટે ૭,૩૫૯ પુરુષ અને ૪,૧૪૨ મહિલા અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓની નિમણુક કરવામાં આવી છે. મતદાન મથકો માટે પર ૩,૨૯૦ પુરુષ તેમજ ૨,૭૫૫ સ્ત્રી સહિત ૬,૦૪૫ જેટલા અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ ચૂંટણીલક્ષી ફરજ બજાવશે.

# તહેવારોને લઈ ગીર ગઢડા પોલીસ મથકે શાંતી સમિતિની બેઠક યોજાઈ

ઉના:ગીર ગઢડા પોલીસ મથકે આગામી દિવસોમાં યોજાનાર રામ નવમી રમઝાન ઈદ તથા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર જયંતિ ના તહેવારો ને ધ્યાન માં રાખી ગીર ગઢડા પોલીસ સ્ટેશન ખાતે પ્રોબેશનલ પોલીસ ઈન્સ્પેકટર પી આર મારૂ ના અધ્યક્ષતામા પીએસઆઇ જે આર ડાંગર સહિત પોલીસ સ્ટાફ ની હાજરી માં શાંતિ સમિતિની બેઠક મળી હતી જેમાં તમામ હીન્દુ મુસ્લિમ



સમાજના અગ્રણીઓ તથા વેપારી મિત્ર ઉપસ્થિત રહ્યા હતા જેમાં નવનિયુક્ત પોલીસ ઈન્સ્પેકટર પી આર મારૂ દ્વારા આગામી યોજનારા તમામ તહેવાર શાંતિ અને ભાઈચારા સાથે યોજાય અને આગામી સામાન્ય લોકસભા ની ચુંટણી ની આચાર સંહિતા ને ધ્યાને રાખી શાંતિમય રીતે આ તહેવારો ની ઉજવણી થાય તેવી વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી જેમાં પીએસઆઇ જે આર ડાંગર દ્વારા પણ આગામી તહેવારોની ઉજવણી શાંતિ અને ભાઈચારા સાથે ઉજવાયતે સબબ ચર્ચાઓ કરવામાં આવી હતી

# રાજકોટ મનપાની ફુડ શાખાના મસાલા માર્કેટમાં દરોડા : ૨૬ નમુના લેવાયા

### દાણાપીઠ-કંદોઈ બજાર વિસ્તારરમાંથી મરચુ-હળદર-ધાણાજીરૂ સહીતના નમુના લઈ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલાયા

રાજકોટ,

હાલ ઉનાળામાં શહેરના વિવિધ વિસ્તોરમાં હળદર, મરચા, ધાણાજીરૂ સહીત મસાલાની સીઝન શરૂ થતા શહેરના વિવિધ વિસ્તાોરમાં મસાલાના વેપારીને ત્યાં મનપાની ફુડ શાખા દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવી રહયં છે. જો અન્વેય દાણાપીઠ, કંદોઈ બજાર, એરપોર્ટ સહીતના વિસ્તાારમાંથી વિવિધ મસાલાના ૨૬ નમુના લેવામાં આવ્યા છે.

આ અંગે મનપાની સતાવાર યાદીમાં જણાવ્યા મુજબ મસાલાની સીઝનને અનુલક્ષીને કરવામાં આવેલ સ્પેશ્યલ ડ્રાઈવ અંગે ફુડ વિભાગ દ્વારા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ હેઠળ રજવાડી મરચુ પાવડર (લુઝ), (૨) ગોંડલીયુ મરચુ પાવડર (લુઝ) (૩) કાશ્મીકરી મરચુ પાવડર (લુઝ)

હળદર પાવડર (લુઝ): તથાઁ ધાણાજીરૂ પાવડર (લુઝ): : રઘુવીર મસાલા ભંડાર, દાણાપીઠ, પરાબજારમાંથી , લાલ મરચા પાવડર (લુઝ) હળદર પાવડર (લુઝ), ધાણાજીરૂ પાવડર (લુઝ): સ્થડળ- પ્રવીણ ટ્રેડિંગ, દાણાપીઠ, પરાબજાર માંથી લાલ મરચા પાવડર (લુઝ), પરાબજાર, રાજકોટ હળદર પાવડર (લુઝ): ધાણાજીરૂ પાવડર (લુઝ) અરુણકુમાર મગનલાલ, કંદોઈ બજાર માંથી લાલ મરચા પાવડર (લુઝ) હળદર પાવડર (લુઝ): ધાણાજીરૂ પાવડર (લુઝ): સ્થલળ- જેન્તીલાલ વિનયકાન્તૂ બ્રધર્સ, કંદોઈ બજારમાંથી તથા રામદેવ ચીલી પાવડર (૫૦૦ ગ્રામ પેકેજ), રામદેવ ટુરમેરીક પાવડર(૫૦૦ ગ્રામ પેકેજ), રામદેવ કૉરીનડર- કમીન પાવડર (૨૦૦ ગ્રામ.પેકેજ), સુહાના રેસમ કશ્મીંરી ચીલી પાવડર (૨૦૦ ગ્રામ પેકેજ), સુહાના ટરમેરીક પાવડર (૨૦૦ ગ્રામ.પેકેજ), સુહાના કોરીનડર- કમીન પાવડર (૨૦૦ ગ્રામ.પેકેજ) મેગા માર્ટ, એરપોર્ટ રોડ માંથી લેવાયા છે.

આ ઉપરાંત હાથી ચીલી પાવડર(૫૦૦ ગ્રામ. પેકેજ), હાથી ટરેમેરીક પાવડર (૫૦૦ ગ્રામ પેકેજ.), હાથી કોરીન્ડતર- કમીન પાવડર (૫૦૦ ગ્રામ.પેકેજ), અદાણી સ્પાઈસ ચીલી પાવડર (૫૦૦ ગ્રામ.પેકેજ), અદાણી સ્પાઈસ ટરમેરીક પાવડર (૫૦૦ ગ્રામ પેકેજ), અદાણી સ્પાઈસ કોરીનર- કમીન



પાવડર (૨૦૦ ગ્રામ.પેકેજ.) શીતલ સુપર માર્કેટ, રેસકોર્ષ પાર્ક, રેલ-વે ક્રોસિંગ પાસે સહિત વિવિધ મસાલાના ૨૬ નમુના લેવામાં આવ્યા છે.

# રાજકોટના કુબલીયાપરામાં યુવતીના પરિવારે સગાઈ તોડી નાખવાનું વિચારતા યુવકના પરિવારની ધોકાવાળી

રાજકોટ,

થોરાળા વિસ્તારમાં આવેલા કુબલીયા પરામાં રહેતા પરિવારની દીકરીની સગાઈ થઈ હોય તે યુવકના પરિવારજનો તેમના લગ્ન કરાવી ન આપતા હોય કે લગ્ન મામલે વાત કરતા ના હોય જેથી યુવતીના પરિવારે લગ્ન મામલે અથવા સગાઈ તોડી નાખવાનું વિચારવાનું કહેતા યુવકના પવિારે પાઈપના ઘા ઝીંકી હુમલો કરતા દંપતી સહીત ચાર લોકો ઘવાયા હતા. આ મામલે થોરાળા પોલીસ મથકના સ્ટાફે રાયોટ, મારામારી સહીતની કલમ હેઠળ સાત શખ્સો સામે ગુનો નોંધ્યો હતા વધુ વિગતો અનુસાર કુલબીયાપરામાં રહેતા નિર્મળભાઈ કરશનભાઈ રાઠોડ (ઉ.૩૫) નામના યુવાને તેમના ભાવી બનેવી અર્જુન કડીવાર તેમનો ભાઈ શ્રવણ કડીવાર, સાયર કિશન પરમાર, અશોક કિશનભાઈ પરમાર, રક્ષીબા પરમાર, રિનાબેન પરમાર અને જયશ્રીબેન સામે ફરીયાદ નોંધાવી હતી. નિર્મળભાઈએ ફરીયાદમાં જણાવ્યું હતું કે પોતે ભંગાની ફેરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તા.૩૧ના રોજ રાત્રીના સમયે પોતે ઘરમાં હતા ત્યારે શેરીમાં દેકારો થતા તેઓ ઘરની બહાર જતા પરિવારના તમામ લોકો બહાર નીકળી ગયા હતા. ત્યાં બહાર બહેન વનીતાને પુછતા વાંકાનેરથી શ્રવણ અને અર્જુન તેના સગાભાઈ સાયરભાઈના ઘર તરફ જતા હતા. જેથી અમે અર્જુનને કહ્યું કે મારી બહેન સુનિતાની સગાઈ તારી સાથે થઈ છે તેને બે વર્ષ થઈ ગયા છે. છતા તમે મારી બહેન સાથે લગ્ન બાબતે કોઈ આગળ વાત જ નથી કરતા અને તમારા નાનાભાઈ શ્રવણની સગાઈ થોડા દિવસ પહેલા જ સાપરભાઈની દીકરી સાથે થઈ હતી તેના લગ્ન પણ કરાવી દીધા હતા. તો તમે મારી બહેન સાથે લગ્ન કરી લો નહીતર સગાઈ તોડી નાખો. તેમ કહેતા તમામ આરોપીઓએ દેકારો કરી હુમલો કર્યો હતો. જેમાં બચાવવા વચ્ચે પડતા નિર્મળભાઈના માતા મંજુબેન, પત્ની પુનમ, બહેન વનીતા અને સુનિતાને પણ ઢીકાપાટુનો માર મારતા ઈજા થઈ હતી. આ મામલે થોરાળા પોલીસ મથકમાં ફરીયાદ નોંધવામાં આવી હતી.

# રાજકોટના ગાંધીગ્રામમાં બજરંગવાડી વિસ્તારમાં તરુણીએ પ્રેમમાં નિષ્ફળતા મળતા આપધાત કર્યો

રાજકોટ,

રાજકોટના ગાંધીગ્રામમાં બજરંગવાડી પાસે ઉગતા પોરની મેલડી માતાજીના મંદિર નજીક ઝૂપડામાં પરિવાર સાથે રહેતી ૧૫ વર્ષની ભારતી શૈલેષભાઈ વાઘેલા (ઉ.વ.૧૫)એ સવારે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

બનાવની જાણવા મળતી વિગત મુજબ સવારે ભારતીને ઉલ્ટીમઓ કરતી હોઈ પરિવારજનોએ પુછતાં પોતે ઝેર પી ગયાનું જણાવતાં તાકીદે હોસ્પિટલે ખસેડી હતી. પરંતુ અહિ તેણે દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ અને ધર્મેન્દ્રભાઈ હુદડે ગાંધીગ્રામ પોલીસને કરી હતી.

આપઘાત કરનાર ભારતી ચાર બહેન અને બે ભાઈમાં બીજા નંબરે હતી. તેના માતા-પિતા સાથે પોતે ફુગ્ગા રમકડા વેંચી ગુજરાન ચલાવતી હતી. ભારતીના કાકા રસિકભાઈ માધાભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે ભારતીના બનેવી બુધાભાઈ અને બહેન પણ રાજકોટ અમારી સાથે જ રહેતાં હોઈ ભારતીને બનેવી સાથે પ્રેમ થઈ ગયો હતો. પણ બનેવીના પરિવારને જાણ થઈ જતાં આ સંબંધનો વિરોધ થતાં તેણીને માઠુ લાગી જવાથી તે ઝેરી દવા પી ગઈ હતી અને તેનું મોત થયું હતું.

# પડધરીના ઢોકળીયા ગામે ભાગીદારોના ૬ પ્લોટ અન્યને વેચી બાદમાં પોતાના નામે કરી નાંખ્યાા

### ભાગીદારો સાથે છેતરપીંડી કરનાર રાજકોટના શૈલેષ કામળીયા સામે પડધરી પોલીસમાં ગુન્હો નોંધાયો

રાજકોટ,

પડધરીના ઢોકળીયા ગામે ભાગીદારોના ૬ પ્લોટ અન્ય?ને વેચી બાદમાં પોતાના નામે કરી નાખનાર રાજકોટના શખ્સય સામે પડધરી પોલીસમાં ફરીયાદ થઈ છે.

વિગતો મુજબ રાજકોટમાં સીલ્વ ર પાર્ક અમીન રોડ ઉપર રહેતા જયંતભાઈ રામભાઈ ચાવડાએ તેના ભાગીદાર શૈલેષ વિજયસિંહ કામળીયા રે. જાગૃતિદિપ હાઈટસ ફલેટ નં. ૧૧૦૩ બી પારીજાત પ્લો ટની પાછળ ૧૫૦ ફુ ટ રીંગ રોડ, રાજકોટ તથા તપાસમાં ખુલ્લે તે સામે પડધરી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમાં જણાવ્યુ મુજબ ફરીયાદી તથા સાહેદે આરોપી સાથે સંયુકત રીતે જમીનની ખરીદી કરેલ અને તે જમીન બીનખેતી કરી પ્લોરટીંગ પાડી તેમાંથી ૩૬ પ્લોયટો સંયુકત રીતે વેચેલ અને બાકી રહેલ ૬ પ્લોટ વેચાયેલ નહીં જે ૬ પ્લો?ટ ફરીયાદી તથા સાહેદને વિશ્વાલસમાં લઈ સંયુકત રીતે કરવામાં આવેલ કુલમુખત્યારર નામાનો જાણ બહાર ઉપયોગ કરી કોઈપણ પ્રકારના રૂપિયા ફરીયાદી તથા સાહેદને નહીં આપી આ ૬ પ્લો ટ અન્યેને વેચાણ દસ્તાઉવેજથી વેચી દઈ ત્રીજા દિવસે પરત આ ૬ પ્લોદ્દટ પોતાના નામે વેચાણ દસ્તાુવેજથી ખરીદી લઈ ફરીયાદી તથા સાહેદનો પ્લોજટમાં રહેલ હીસ્સાદોડી તેની સાથે વિશ્વાલસઘાત કરી છેતરપીંડી કરી હતી. આ ફરીયાદ અન્વફયે પડધરી પોલીસે આઈ.પી.સી. ૪૦૬, ૪૨૦ મુજબ ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના શિવ મંદિર સહિતના મંદિરોમાં ચોરીનાં ત્રિપુટીની રિમાન્ડ પૂર્ણ:જેલ હવાલે

જૂનાગઢ,

જૂનાગઢમાં મંદિરમાં થયેલ ચોરી સબબ પકડાયેલા ૩ આરોપીનાં રિમાન્ડ નામંજૂર થતાં ત્રણેયને જેલમાં મોકલી દેવામાં આવ્યાં હતાં.

શહેરમાં ખલીલપુર રોડ પર સુભાષનગરમાં આવેલ શુભેશ્વર મહાદેવ મંદિરમાંથી દાન પેટી તોડી રૂપિયા ૫૦,૦૦૦ની તથા શહેરના માંગનાથ રોડ ખાતરની ફેમે સિલેક્શાન દુકાનમાંથી રૂપિયા ૯,૦૦૦ની રોકડ રકમ, ચાંદીના સિક્કા, ડીવીઆરની અને એચ. એન. બ્રધર્સ ટેઈલરમાંથી રૂપિયા ૧૭ હજારની રોકડની શનિવારની વ્હેલી સવારે ચોરી કરી તસ્કરોએ પોલીસને પડકાર ફેંકયો હતો.

જોકે ક્રાઈમ બ્રાન્ચરના સ્ટા ફે ગણતરીના કલાકોમાં જોષીપરાના હિતેશ અશોકભાઈ ગોરડ, શ્યાબમ જશાભાઈ ઉભડિયા અને ક્ક્કાશ સવજીભાઈ ભુતીયાને બાઈક સાથે ઝડપી લીધા હતા અને રૂપિયા ૧,૨૫,૭૦૭નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ તસ્કર ત્રિપુટીનો બી ડિવિઝનના પીએસઆઈ આર. એમ. વાળાએ મંદિર ચોરીમાં કબજો મેળવી ૩ દિવસનાં રિમાન્ડનની માંગણી સાથે કોર્ટમાં રજુ કરતા અદાલતે વિમાનને માગણી ફગાવી દઈ ત્રણેય આરોપીને જેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો. જોકે એ ડિવિઝન પોલીસ ૨ દુકાનમાં થયેલી ચોરીના ગુનામાં મંગળવારે જેલમાંથી તસ્કરોનો કબજો મેળવવાની તજવીજ હાથ ધરશે

# રાજકોટના સજાના વોરંટમાં નાસતો ફરતો આરોપી પકડાયો

રાજકોટ,

રાજકોટ શહેર નામદાર કોર્ટમાં સજા પડેલ હોય અને ફરાર થયેલા શખ્સોને તાલુકા પોલીસે પકડી લઈ કાર્યવાહી કરી હતી.

મળતી વિગત મુજબ શહેરના અલગ અલગ વિસ્તારમાં નાસતા ફરતા તથા નામદાર કોર્ટમાંથી સજા પડે આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ કમિશનરે સુચના મળતા તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી.એમ.હરીપરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.બી.ત્રાજીયા સ્ટારફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યા રે કોર્ટમાં બે ગુનામાં સજા પડેલ હોય, તેનો આરોપી હિરેન ચંદુભાઈ ઘાડીયા ફરાર થઈ ગયો હતો. દરમ્યાકન આ શખ્સો કાલાવડ રોડ વિસ?તારમાં હોવાની તાલુકા પોલીસ મથકના કોન્સા. કુલદીપસિંહ જાડેજા, ક્રિપાલસિંહ ઝાલાને બાતમી મળતા આરોપી હિરેન ચંદુભાઈ ઘાડીયા (ઉ.વ.૩૬) (રહે. વૃંદાવન સોસાયટી શેરી નં. ૫ ઉમિયા ચોક)ને પકડી લઈ કોર્ટ હવાલે કર્યો હતો.

આ કામગીરી પીઆઈ ડી.એમ.હરીપરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.બી.ત્રાજીયા, એ.એસઆઈ ડી.એ.જાડેજા, હેડ કોન્સ . કૌશેન્દ્રરસિંહ ઝાલા, ક્રિપાલસિંહ ઝાલા, કોન્સી. કુલદીપસિંહ જાડેજા, જીલુભાઈ ગરચર, સંજયભાઈ માંડાણી, શીવભદ્રસિંહ ગોહીલ, નિકુંજભાઈ મારવીયા, મહાવીરસિંહ જાડેજા, મયુરસિંહ જાડેજા, એચ.જી. ધીરેન દ્વારા કરવામાં આવી હતી.

## પોલીસ સમાચાર

### રાજકોટના પરાપીપળીયા ગામે ઝેર પી લેનાર મહિલાનું સારવારમાં મોત

રાજકોટ,

રાજકોટ જામનગર રોડ પર પરાપીપળીયામાં રહેતાં ભાનુબેન રાજુભાઈ મહેતા (ઉ.વ.૫૦)એ ૨૮/૩ના રોજ સાંજે પાંચેક વાગ્યે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતાં. બપોરે તેમણે દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂએ ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પોલીસે કારણ જાણવા તપાસ યથાવત રાખી છે.

### રાજકોટના પુરષ્કરધામ પાસે નેપાળી સગર્ભાનો ફિનાઈલ પી આત્મહત્યાની કોશિષ

રાજકોટ,

રાજકોટના પુષ્કકરધામ રોડ પર આરએમસી ક્વાળર્ટર નં. ૩૨માં રહેતી અનુબેન અર્જુનસિંગ દોરજી (ઉ.વ.૨૨) નામની નેપાળી સગર્ભાએ સાંજે રામકૃષ્ણા આશ્રમ સામે રહેતી માસીની દિકરી રાધીકાબેનને ત્યાંહ હતી ત્યાઉરે ફિનાઈલ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂએ પ્ર.નગરમાં જાણ કરી હતી.

અનુબેનના લગ્ન ચાર વર્ષ પહેલા થયા છે. સંતાનમાં એક પુત્ર છે અને હાલમાં પેટમાં પાંચ માસનો ગર્ભ છે. પતિ ચોકીદારી કરે છે. પતિ અવાર-નવાર નાની નાની વાતે ઝઘડા કરી હેરાન કરતો હોઈ કંટાળીને પગલુ ભરી લીધાનું તેણીએ જણાવ્યું હતું.

### રાજકોટના પડધરીમાં જુગાર રમતા બે શખ્સોએ પકડાયાઃ પાંચ નાસી ગયા

રાજકોટ,

પડધરી પોલીસે જાહેરમાં જૂગાર રમતા બે શખ્સો ને ઝડપી લીધા હતા. જયારે પાંચ શખ્સોી નાસી છૂટયો હતાં.

મળતી વિગતો મુજબ પડધરી ડોડી નદીના કાંઠે સ્મકશાન પાસે ખુલ્લા પટમાં જાહેરમાં જૂગાર રમાતો હોવાની બાતમી મળતા પડધરીના પીએસઆઈ ગજીભા ઝાલાના માર્ગદર્શન હેઠળ રેઈડ કરી જુગાર રમતા (૧) જીજ્ઞેશગીરી દયાલગીરી ગોસાઈ ધંધો વેપાર રહે. પડધરી બસ સ્ટ્રેશન પાછળ તથા (૨) કૌશીક ચનાભાઈ પરમાર ધંધો પ્રા. નોકરી રહે. વાલ્?મીકી વાસ મેમણ શેરી પડધરીને ઝડપી લીધા હતાં. જયારે મુના ડાયાભાઈ ડોડીયા રહે. પડધરી, પ્રકાશ હકાભાઈ બાંભવા રહે. ભરવાડ વાસ પડધરી, સંજય રામજીભાઈ બાંભવા રહે. ભરવાડ વાસ પડધરી, એજાજ હુસેનભાઈ દલ રહે. મોવૈયા ઢોરે પડધરી તથા સચીન શાંતીલાલ પરમાર રહે. મોવૈયા ગામ તા. પડધરીને નાસી છૂટતા શોધખોળ હાથ ધરાઈ છે.પડધરી પોલીસે રોકડા રૂા. ૧૦,૩૦૦ અને બે મોબાઈલ મળી ૧૨,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

# ઓલા ઈલેક્ટ્રીકે માર્ચમાં ૫૩,૦૦૦થી વધુ એકમોનું અત્યાર સુધીના સૌથી ઉચ્ચત્તમ રજીસ્ટ્રેશન નોંધ્યા

### નાણાકીય વર્ષ ૨૩ની સરખામણીમાં રેકોર્ડ ૧૧૫% વૃદ્ધિ સાથે નાણાકીય વર્ષ ૨૪ પૂર્ણ

જામનગર

ઓલા ઈલેક્ટ્રીકે આજે જાહેરાત કરી કે તેણે માર્ચ મહિનામાં ૫૩,૦૦૦થી વધુ રજીસ્ટ્રેશન (વાહન પોર્ટલ મુજબ) નોંધાવી છે, જે સતત પાંચમા મહિને ફરીથી તેનું સૌથી વધુ માસિક વોલ્યુમ પોસ્ટ કરે છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૩ની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૪માં ૧૧૫%ની વાર્ષિક વૃદ્ધિ હાંસલ કરી હતી અને નાણાકીય વર્ષ ૨૩માં ૧,૫૨,૭૪૧ એકમોની સામે ૩૨૮,૭૮૫ એકમો નોંધાયા હતા. માર્ચમાં તેના ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે, કંપનીએ મહિના દરમિયાન તેનો અગ્રણી બજાર હિસ્સો જાળવી રાખવાનું ચાલુ રાખ્યું અને અગાઉના ત્રિમાસિક ગાળામાં ૮૪,૧૩૩ એકમોની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૪ના ચોથી ત્રિમાસિક દરમિયાન ૧૧૯,૩૧૦ એકમોની નોંધણી સાથે માસિક ૪૨%ની વૃદ્ધિ થઈ. ઓલા ઈલેક્ટ્રિકે કોઈપણ વધારાના ખર્ચ વિના ઉત્પાદનોની સમગ્ર શ્રેણી માટે ૮-વર્ષ/૮૦,૦૦૦ કિમી વિસ્તૃત બેટરી વોરંટી પણ લોન્ચ કરી છે, ઓલા ઈલેક્ટ્રીકનું માનવું છે કે વાહનોના આયુષ્યને લંબાવીને ઈવી અપનાવવામાં આવતા અવરોધોમાંથી એકને દૂર કરે છે. ગ્રાહકો હવે એડ-ઓન વોરંટી પણ પસંદ કરી શકે છે

અને રૂ. ૪,૯૯૯ની નજીવી કિંમતે ૧૨૫,૦૦૦ કિમી સુધીની મુસાફરી કરેલ કિલોમીટરની ઉપલી મર્યાદા વધારી શકે છે. ઓલા ઈલેક્ટ્રિકે ૩દ્વઉની પોર્ટેબલ ફાસ્ટ ચાર્જર એક્સેસરી પણ રજૂ કરી છે અને તે ૨૯,૯૯૯ રૂપિયામાં ખરીદી માટે ઉપલબ્ધ છે. ૧૯ માર્ચે, કંપનીએ સમગ્ર દેશમાં તેના સેવા નેટવર્કને વિસ્તારવાના પ્રયાસરૂપે પ્રયાગરાજમાં તેના ૪૫૦મા સેવા કેન્દ્રનું ઉદ્‌ઘાટન પણ કર્યું.

# રાજકોટના પપૈયાવાડીમાં ગેસ લાઈનમાં લીકેજ થતા આગની વછુટી : ગેસ કંપનીએ સપ્લાય અટકાવી

### ફાયર બ્રિગેડની ટીમે દોડી જઈ આગ કાબુમાં લીધી : મોટી દુર્ઘટના ટળી



રાજકોટ,

રાજકોટ શહેરના પપૈયાવાડી વિસ્તારમાં ગોકુલધામ ચોકમાં ૮૦ ફુટ રોડ પર આજે ગેસ લાઈન લીકેજ થતા આગની જવાળાઓ છુટી હતી.આગ લાગ્યાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ દોડી ગઈ હતી. આગ કાબુમાં લેવા પ્રયત્નો કરી તત્કાલ ગુજરાત ગેસની ટીમને જાણ કરાતા ગેસનું વહન અટકાવી દેવાતા મોટી દુર્ઘટના સહેજમાં ટળી હતી.રાજકોટ મહાનગર પાલિકાના ફાયર વિભાગની ઝડપી કામગીરીથી મોટી દુર્ઘટના થતા અટકી હોવાના આ બનાવની વિગત મુજબ, આજે સવારે ૮:૪૦ વાગ્યે ફાયર બ્રિગેડને સંજય પટેલનામના જાગૃત નાગરિકે જાણ કરી હતી,કે પપૈયાવાડી, ગોકુલધામ ચોક, ૮૦ ફુટ રોડ પર શુલભ શૌચાલય પાસે ગુજરાત ગેસની લાઈનમાંથી ગેસ નીકળી રહ્યો છે અને આગના ફુવારા છુટી રહ્યા છે.

પળનો પણ વિલંબ કર્યા વગર ફાયર બ્રિગેડની ટીમના વિનોદભાઈ, લવકુમાર, કિશોરસિંહ, નારણભાઈ, પ્રકાશભાઈ, વિનેષભાઈ મકવાણા, સહિતનો સ્ટાફ વોટર બ્રાઉઝર અને ફાયર ટેક્રર સાથે તત્કાલ સ્થળ પર પહોંચી ગયો હતો. આગને કાબુમાં લેવા પ્રયત્નો સાથે આ તરફ ફાયરની ટીમે તારણ કાઢતા આગ ગુજરાત ગેસ લાઈન સર્વિસની રેગ્યુલેટરમાં લાગી હતી.

સ્થિતિની ગંભીરતા સમજી તુરંત આગને વધુ પ્રસતા અટકાવેલ અને તુરંત ગુજરાત ગેસમાં જાણ કરી હતી. ઘટના સ્થળે ગેસ લાઈન મેઈન્ટીનસ ટીમ દોડી આવી હતી. આગળથી ગેસલાઈન બંધ કરાવી હતી. આમ આગ સંપૂર્ણ બુઝાવી હતી.આગ કેમ કરતા લાગી તે અંગે ગુજરાત ગેસની ટીમે વધુ તપાસ હાથ ધરી હતી. આગ બુઝાવાની કામગીરી મવડી ફાયર સ્ટેશનના એસટીઓ યોગેશભાઈ જાનીના માર્ગદર્શનમાં તેમની ટીમે કરી હતી.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## પોર્ટલેન્ડ ડેવલોપમેન્ટમાં ગુજરાત પાયોનીયર

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી પ્રયાસોથી દેશમાં પોર્ટ્સથી પ્રોસ્પેરીટીનો નવો ઇતિહાસ રચાયો છે ગુજરાત પણ તેમાં "પ્રોટ્‌ર્સ ફોર પ્રોસ્પેરીટી અને પોટ્‌ર્સ ફોર પ્રોગ્રેસ''નાં વિઝનથી આગળ વધીને યોગદાન આપવા પ્રતિબદ્ધ છે. તેમજ બે દાયકામાં ગુજરાત પોર્ટલેડ ડેવલપમેન્ટનું પાયોનિયર બન્યું છે અને પોર્ટ-લેડ સિટી ડેવલપમેન્ટના રોલ મોડેલ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થયું છે.

ગુજરાત દેશમાં સૌથી લાંબો ૧૬૦૦ કિલોમીટર દરિયાકિનારો ધરાવે છે. વડાપ્રધાને ગુજરાતની આ સ્ટ્રેટેજિક કોસ્ટ લાઈનને દેશની સમૃદ્ધિનું પ્રવેશદ્વાર બનાવવાની નેમ સાકાર કરી છે. પોટ્‌ર્સની કેપેસિટી વધારવાની દિશામાં પોર્ટ સિટી અને ગ્રીન ફિલ્ડ પોટ્‌ર્સ વિકસાવવાની સાથે રાજ્ય સરકાર હાલનાં પોટ્‌ર્સનું એક્સ્પાન્શન અને અપગ્રેડેશન કરવાની દિશામાં પણ કામ કરી રહી છે

ગુજરાતમાં મેજર- માઇનોર મળીને દેશમાં સૌથી વધુ ૪૯ પોટ્‌ર્સ છે. દેશના લગભગ ૩૯ ટકા જેટલા કાર્ગોનું ગુજરાતના બંદરો પરથી વહન થાય છે. પોટ્‌ર્સ સુધીની સુદ્રઢ રોડ કનેક્ટિવીટી અને માળખાકીય વિકાસના પરિણામે ગુજરાત લોજિસ્ટિક્સ ઈઝ એક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ- લિડ્ઝઇન્ડેક્સમાં અગ્રેસર છે તેની ભૂમિકા આપી હતી.

ગુજરાત દેશમાં પાંચમું સૌથી વધુ શહેરી ગીચતા ધરાવતું રાજ્ય છે અને શહેરીકરણનાં ક્ષેત્રમાં અનેક બેન્ચમાર્ક પ્રસ્થાપિત કર્યાં છે. પોર્ટ લેડ સિટી ડેવલપમેન્ટ દ્વારા બંદરોની નજીકનાં શહેરોમાં સસ્ટેનેબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં વિકાસથી વાયબ્રન્ટ ઇકોનોમી ધરાવતાં શહેરોનો વિકાસ થાય તે દિશામાં આપણે આયોજનબદ્ધ રીતે આગળ વધી રહ્યા છીએ.વડાપ્રધાને બ્લૂ ઇકોનોમીને પ્રાધાન્ય આપ્યું છે અને અમૃતકાળની આ પહેલી વાયબ્રન્ટ સમિટના આ સેમિનારની ચર્ચાઓ ગુજરાત સહિત દેશની બ્લૂ ઇકોનોમીને વેગ આપવામાં ફળદાયી પુરવાર થશે, તેમજ સમુદ્રી સમૃદ્ધિથી દેશને વૈશ્વિક સમૃદ્ધિ તરફ લઈ જવાનો રોડમેપ તય કરવામાં અગત્યનો ભાગ ભજવશે. બંદર, શિપિંગ અને જળમાર્ગ વિભાગના મંત્રી સર્બાનંદ સોનોવાલે વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સરાહના કરતાં જણાવ્યું હતુ કે, વડાપ્રધાનમંત્રી દ્વારા ૨૦૦૩માં શરૂ કરાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે ભારતના વિકાસનું વટવૃક્ષ બન્યું છે. વડાપ્રધાનના વિઝનથી ભારત વિકાસના પંથે અગ્રેસર થઈ રહ્યું છે. ૨૦૪૭માં ભારત ૩૦ ટ્રીલીયન ડોલર ઈકોનોમિના સપનામાં ગુજરાતનો સિંહ ફાળો રહેશે. ગુજરાતે દરેક ક્ષેત્રમાંસમાન્તર વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. ભારત સુપર પાવર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે એમ તેમણે ઉમેર્યું હતુ.

આઈએનએસ વિક્રમ જહાજ વિશે પ્રકાશ પાડતા સોનોવાલે કહ્યું કે, કંડલા સ્થિત દીનદયાળ પોર્ટના કન્ટેનર ટર્મિનલ વિકાસ માં ૪૫૦૦થી વધુ કરોડના વિકાસ કાર્યો થઈ રહ્યા છે. દિનદયાળ પોર્ટમાં ગ્રીન હાઈડ્રોજન પાર્ક વિકાસના પંથે છે. કંડલા અને તુતીકોરીન પોર્ટનો ગ્રીન હાઈડ્રોજન હબ તરીકે વિકાસ કરવામાં આવશે. દેશના મેરિટાઈમ સેક્ટરનો સાતત્યપૂણ વિકાસ આણવામાં ખૂબ મદદરૂપ થશે.

નેધરલેન્ડના રાજદૂત એચ.ઈ. સુશ્રી મારીસા ગેરાડ્સ એ નેધરલેન્ડ અને ભારત-ગુજરાતને નેચરલ પાટનર્સ ગણાવ્યું હતું. નેમણે નેધરલેન્ડ અને ગુજરાત પાસે વિશાળ દરિયા કિનારો છે.

# દેશના એવા સાંસદ જેમને બે વખત મોતની સજા સંભળાવાઇ હતી!

## જાપાનીઓનો આદેશ માનવાની ના પાડી અને જાપાની સેનાએ તેમને જેલ ભેગા કરી દીધા હતા

કરંટ ટોપિક

પહેલા તબક્કાનું મતદાન ૧૯મી એપ્રિલથી શરૂ થશે. ત્યારે તમામ રાજકીય પક્ષો ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગયા છે. દેશની પહેલી લોકસભા ચૂંટણી સાથે જોડાયેલો એક રસપ્રદ કિસ્સો બીજા વિશ્વ યુદ્ધમાં ભાગ લેનાર જોન રિચર્ડસનનો છે. તેમને બે વખત ફાંસીની સજા સંભળાવાઈ હતી. છતાં તેમણે સ્વતંત્ર આંદામાનના પહેલા સાંસદ તરીકે ચૂંટાયા હતા.

કાર નિકોબારી પરિવારમાં જન્મેલા જોન રિચર્ડસનનું સાચું નામ 'હા ચેવ કા' હતું. બર્મામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી, જોન રિચર્ડસન રંગૂનમાં પહેલા એંગ્લિકન પાદરી બન્યા. પરંતુ થોડા સમય પછી તે નિકોબાર પાછા ફર્યા અને ૧૯૧૨માં શિક્ષક તરીકે ભણાવવાનું શરૂ કર્યું. જોન રિચર્ડસનના લગ્ન ૧૯૧૩માં થયા હતા. ૧૯૨૦માં તેમને બંદરોના સંરક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ૧૯૨૫થી ૧૯૪૫ સુધી જોન રિચર્ડસન નિકોબાર ટાપુ પર જ એક અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

જોન રિચર્ડસનના જીવનનો સાચો સંઘર્ષ બીજા વિશ્વ યુદ્ધમાં શરૂ થયો હતો, જ્યારે જાપાની સેનાએ નિકોબાર ટાપુ પર કબજો કર્યો. પહેલા જાપાનીઓએ જોન રિચર્ડસને નિકોબારનો વડા બનાવ્યો હતા, પરંતુ થોડા સમય પછી જોન રિચર્ડસને જાપાનીઓનો આદેશ માનવાની ના પાડી અને જાપાની સેનાએ તેમને જેલ ભેગા કરી દીધા હતા. આટલું જ નહીં, જાપાની સૈનિકોએ જોન રિચર્ડસનના બંને પુત્રોની હત્યા કરી નાખી હતી અને જોન રિચર્ડસને એક નહીં પરંતુ બે વાર ફાંસીની સજા સંભળાવી હતી.

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જાપાનની સરકારે જોન રિચર્ડસને બે વાર મૃત્યુદંડની સજા ફટકારી હતી, પરંતુ તેમને ફાંસી આપવામાં આવી ન હતી. જ્યારે પહેલીવાર ફાંસીનો આદેશ આપવામાં આવ્યો હતો, ત્યારે નિકોબેરવાસીઓએ વિદ્રોહની ચીમકી ઉચ્ચારી હતી. આવી સ્થિતિમાં બળવાના ડરથી જોન રિચર્ડસનની ફાંસી મોકૂફ રાખવામાં આવી હતી. જ્યારે જોન રિચર્ડસને ફરીથી મૃત્યુદંડની સજા મળી, ત્યારે તેને ફાંસી આપવામાં આવે તે પહેલાં વિશ્વ યુદ્ધ સમાપ્ત થઈ ગયું હતું.

વિશ્વ યુદ્ધ સમાપ્ત થયા બાદ એક તરફ જાપાની સેના આંદામાનમાંથી પીછેહઠ કરવા લાગી તો બીજી તરફ અંગ્રેજોએ પણ ભારત છોડવાનો નિર્ણય લીધો. હવે દેશ આઝાદ હતો. વર્ષ ૧૯૫૦માં બંધારણના અમલ પછી દેશમાં પહેલી લોકસભાની ચૂંટણીઓ શરૂ થઈ અને



રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે જોન રિચર્ડસને આંદામાન અને નિકોબાર ટાપુના સાંસદ તરીકે નિયુક્ત કર્યા હતા. આ રીતે જોન રિચર્ડસન દેશની પહેલી લોકસભાનો ભાગ બનનાર એકમાત્ર એંગ્લિકન બિશપ હતા.

૧૫મી જાન્યુઆરી ૧૯૫૦માં જોન રિચર્ડસન આંદામાન અને નિકોબાર ટાપુઓના બિશપ બન્યા. તે વર્ષ ૧૯૭૭ સુધી બિશપના પદ પર રહ્યા. જોન રિચર્ડસને બાઈબલનું નિકોબારી ભાષામાં ભાષાંતર કર્યું, જે વર્ષ ૧૯૭૦માં પ્રકાશિત થયું હતું. વર્ષ ૧૯૭૫માં ભારત સરકારે જોન રિચર્ડસને દેશના સર્વોચ્ચ સન્માનમાંના એક પદ્મ વિભૂષણથી નવાજ્યા હતી. ત્રીજી જૂન ૧૯૭૮માં જોન રિચર્ડસને દુનિયાને હંમેશ માટે અલવિદા કહ્યું હતું.

વર્ષ ૧૯૬૭માં આંદામાન અને નિકોબાર ટાપુમાં પહેલીવાર લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. આ લોકસભા બેઠક પર શરૂઆતથી જ કોંગ્રેસનો દબદબો રહ્યો છે. રાજકીય આંકડાઓ પર નજર કરીએ તો ૧૯૬૭થી ૧૯૯૯ સુધી કોંગ્રેસનું અહીં સતત શાસન રહ્યું છે. કોંગ્રેસના મનરંજન ભક્ત લાંબા સમયથી અહીંથી સાંસદ છે. મનોરંજન ભક્ત કોંગ્રેસની ટિકિટ પર લોકસભાની ચૂંટણીમાં આઠ વખત આ બેઠક જીતી ચૂક્યા છે. આંદામાન અને નિકોબાર ટાપુઓમાં અત્યાર સુધીમાં ૧૪ લોકસભા ચૂંટણી થઈ છે, જેમાંથી કોંગ્રેસ ૧૧ વખત જીતી છે. વર્ષ ૧૯૬૭ પહેલા અહીં સાંસદ ચૂંટાતા ન હતા. આ લોકસભા બેઠક પરના સાંસદની નિમણૂક સીધી ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવી હતી.

### આંદામાન અને નિકોબાર ટાપુનો ઈતિહાસ

આંદામાન અને નિકોબાર ટાપુઓ ભારતના દક્ષિણ-પૂર્વ કિનારે સ્થિત છે. અહીંનો ઈતિહાસ ઘણો જૂનો છે અને તે વિવિધ રાજકીય, સાંસ્કૃતિક અને ઐતિહાસિક ઘટનાઓનો સંગમ છે. અહીંની આદિવાસી જાતિઓ, જેમ કે ઓંગે અને જારાવાની પ્રદેશના ઈતિહાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અહીંની રાજધાની પોર્ટ બ્લેયર છે. આંદામાન અને નિકોબાર કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી એક, હિંદ મહાસાગરમાં સ્થિત છે. આ દ્વીપસમૂહની પશ્ચિમમાં બંગાળની ખાડી છે જ્યારે પૂર્વમાં આંદામાન સમુદ્ર આવેલો છે.

# દુનિયાની સૌથી મોટી ૧૦ જેલોની યાદીમાં પાંચમા નંબરે છે ભારતની તિહાર જેલ

## તિહાર જેલ કેમ્પસ ૪૦૦ એકરમાં છે અને કુલ કેદીઓની સંખ્યા ૧૯,૫૦૦ છે

મોટાભાગના દેશોમાં જેલને સુધારક તરીકે જોવામાં આવે છે જ્યારે ઘણા દેશોની જેલો ગેંગ વોર માટે પણ કુખ્યાત રહી છે. દુનિયાની ૧૦ સૌથી મોટી જેલોની વાત કરીએ તો ફાઈનાન્સ યાહૂના રિપોર્ટ અનુસાર ફિલિપાઈન્સની ન્યૂ બિલીબિડ જેલ પહેલા નંબર પર છે. આમાં કુલ કેદીઓની સંખ્યા ૨૮,૫૦૦ છે. આ જેલ ૧૯૪૦માં ફિલિપાઈન્સના મુંટિનલુપામાં બનાવવામાં આવી હતી. વિશ્વની બીજી સૌથી મોટી જેલ તુર્કીની સિલિવરી જેલ છે. અહીં કુલ કેદીઓની સંખ્યા ૨૨,૦૦૦ છે. અદ્યતન જેલની રચનાઓ સાથે, સિલિવરી જેલની ગણતરી યુરોપની શ્રેષ્ઠ જેલોમાં થાય છે.

વિશ્વની ત્રીજી સૌથી મોટી જેલ ક્લોંગ પ્રેમ સેન્ટ્રલ જેલ છે. આમાં કેદીઓની સંખ્યા લગભગ ૨૦,૦૦૦ છે. ક્લોંગ પ્રેમ સેન્ટ્રલ જેલ ૧૯૪૪માં ખોલવામાં આવી હતી અને તે થાઈલેન્ડની સૌથી મોટી જેલ છે. આ જેલમાં બંધ કેદીઓમાંથી લગભગ ૩૦ ટકા વિદેશી છે. વિશ્વની ચોથી સૌથી મોટી જેલ લોસ એન્જલસ કાઉન્ટી જેલ છે, જે ૧૮૫૦ માં બનાવવામાં આવી હતી. આ વિશ્વની સૌથી જૂની અને સૌથી મોટી જેલોમાંથી એક છે. લોસ એન્જલસ કાઉન્ટી જેલમાં કુલ કેદીઓની સંખ્યા ૧૯,૮૩૬ છે.

ભારતની તિહાર જેલ પાંચમા નંબર પર છે. તિહારમાં કુલ કેદીઓની સંખ્યા ૧૯,૫૦૦ છે. તિહાર જેલ કેમ્પસ ૪૦૦ એકરમાં છે અને રાજધાની દિલ્હીમાં છે તેને દક્ષિણ એશિયાની સૌથી મોટી જેલ માનવામાં આવે છે. આ પછી આવે છે રિકર્સ આઈલેન્ડ જેલ, જે ૧૯૩૨માં બનાવવામાં આવી હતી. આ જેલ ન્યુયોર્ક શહેરની નજીક આવેલી છે. આ સંકુલમાં દસ જેલ આવેલી છે. આમાં કુલ કેદીઓની સંખ્યા ૧૩,૮૪૯ છે.

વિશ્વની સાતમી સૌથી મોટી જેલ હેરિસ કાઉન્ટી જેલ છે. આમાં કુલ કેદીઓની સંખ્યા ૧૦,૦૪૪ છે. હેરિસ કાઉન્ટી જેલ ટેક્સાસમાં ૧૯૨૦ ના દાયકાના અંતમાં ખોલવામાં આવી હતી. તે ટેક્સાસની સૌથી મોટી જેલ છે અને યુનાઈટેડ સ્ટેટ્સની સૌથી મોટી જેલોમાંની એક છે. આઠમી સૌથી મોટી જેલ મેરીકોપા કાઉન્ટી જેલ છે. તે ૧૮૭૧ માં ફોનિક્સ, એરિઝોનામાં બનાવવામાં આવ્યું હતું.

કુરેન-ફ્રોમહોલ્ડ એ ફિલાડેલ્ફિયા, પેન્સિલવેનિયામાં આવેલી કાઉન્ટી જેલ છે. તેનું નામ વોર્ડન પેટ્રિક એન. કુરાન અને ડેપ્યુટી વોર્ડન રોબર્ટ ફ્રોમહોલ્ડ. ૩૧ મે ૧૯૭૩ ના રોજ હોમ્સબર્ગ જેલમાં સક્રિય ફરજના કલાકો દરમિયાન તેની હત્યા કરવામાં આવી હતી. કુરેન-ફ્રોમહોલ્ડ ૮,૮૧૧ કેદીઓની સંખ્યા સાથે નવમી સૌથી મોટી જેલ છે. મેટ્રો વેસ્ટ ડિટેન્શન સેન્ટર વિશ્વની દસમી સૌથી મોટી જેલ છે. મેટ્રો વેસ્ટ ડિટેન્શન સેન્ટર મિયામી, ફ્લોરિડામાં સ્થિત એક જેલ છે. તેમાં લગભગ ૭૦૦૦ કેદીઓને રાખી શકાય છે.

# ઓટિઝમ શું છે, તે કયા લક્ષણો દ્વારા ઓળખી શકાય?

## ઓટિઝમ ધરાવતા બાળકોને સામાજિક પ્રવૃત્તિઓ અને વાતચીતમાં સમસ્યા હોઈ શકે છે

વિશેષ

ઓટિઝમએક ન્યુરોલોજીકલ ડિસઓર્ડર છે, જે બાળકોના મગજમાં થતા ફેરફારોને કારણે થાય છે. લોકોને ઓટિઝમ વિશે જાગૃત કરવા અને તેનાથી પીડિત લોકોને સશક્ત અને સક્ષમ બનાવવા માટે વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. આ દિવસે લોકોને આ ડિસઓર્ડર સંબંધિત તમામ મહત્ત્વપૂર્ણ માહિતી વિશે જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. ઓટિઝમ પીડિત બાળકોનું વર્તન, વાતચીત અને શીખવાની શૈલી અન્ય બાળકો કરતા અલગ છે. તેનો ઈલાજ થઈ શકતો નથી, તેથી આ વિકાર આજીવન રહે છે.

ઓટિઝમ ધરાવતા બાળકોને સામાજિક પ્રવૃત્તિઓ અને વાતચીતમાં સમસ્યા હોઈ શકે છે. સામાન્ય રીતે આ ડિસઓર્ડર બાળપણમાં જ ૨-૩ વર્ષની ઉંમરે મળી આવે છે, પરંતુ કેટલીકવાર તેને શોધવામાં સમય લાગી શકે છે. કારણ કે ડોકટરો તેને શોધવા માટે વર્તણૂકીય પરીક્ષણોની મદદ લે છે. શોધવાનો બીજો કોઈ રસ્તો નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, વિશ્વભરમાં દર ૧૦૦માંથી ૧ બાળક ઓટિઝમ ધરાવે છે.

ઓટિઝમથી પીડિત બાળકોને લોકો સાથે વાતચીત કરવામાં મુશ્કેલી પડી શકે છે. તેમને સામેની વ્યક્તિની બોડી લેંગ્વેજ સમજવામાં મુશ્કેલી પડી શકે છે, જેના કારણે તેઓ સામેની વ્યક્તિ શું કહી રહી છે તે સમજવામાં મુશ્કેલી અનુભવે છે. આ ઉપરાંત, ભાષા કૌશલ્યનો વિલંબિત વિકાસ, લોકો સાથે સંબંધ બાંધવામાં અસમર્થતા, એક જ ક્રિયાને વારંવાર પુનરાવર્તિત કરવી, પરિવર્તન ન ગમવું જેવા ઘણા લક્ષણો ઓટિઝમથી પીડિત બાળકોમાં જોવા મળે છે.

ઓટિઝમનું કોઈ ચોક્કસ કારણ મળ્યું નથી, પરંતુ તેના કારણોમાં આનુવંશિકતા અને પર્યાવરણ સામેલ હોઈ શકે છે. એક જ ક્રિયાને વારંવાર પુનરાવર્તિત કરવી, જેમ કે બેસતી વખતે વારંવાર હલવું, હાથ હલાવો, એક જ શબ્દનું વારંવાર પુનરાવર્તન કરવું. સંવેદના અંગો વધુ સંવેદનશીલ બને છે, જેમ કે મોટા અવાજોથી ખલેલ પહોંચવી અથવા ચીડાઈ જવું. લોકો સાથે વાત કરતી વખતે તેમની તરફ ન જોવું અથવા આંખનો સંપર્ક ન કરવો. શારીરિક સ્પર્શ પસંદ ન આવવો. રોબોટિક અથવા સપાટ અવાજમાં બોલવું. અમુક વસ્તુઓમાં જ રસ હોવો. લોકો શું કહે છે તે સમજવામાં સક્ષમ ન હોવું અથવા તેમના હાવભાવ સમજવામાં મુશ્કેલી આવવી.

# ગુજરાતમાં જામ્યો ચૂંટણીનો જંગ



વિશ્વની સૌથી મોટી લોકશાહી ની ચૂંટણી ની પ્રક્રિયા ચાલી રહી છે લોકશાહીનો આ સૌથી મોટો ઉત્સવ છે આ ઉત્સવમાં બધા રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારો ની યાદી ધડાધડા બહાર પાડવામાં આવી રહી છે ગત સપ્તાહે ભાજપના ઉમેદવારોની જે યાદી બહાર પાડવામાં આવી તેનાથી કહી ખુશી કહી ગમ જેવું વાતાવરણ સર્જાયું છે કોઈ જગ્યાએ વિરોધનો સૌર ઉઠ્યો છે તો કોઈ જગ્યાએ ખુશીની લહેર વ્યાપી છે

ભારતીય જનતા પાર્ટીએ પોરબંદર લોકસભાની સીટ પરથી કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. જ્યારે કોંગ્રેસે તેમની વિરુદ્ધ ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાને ઉમેદવાર બનાવ્યા છે.

જોકે, પોરબંદર લોકસભા બેઠક હેઠળ આવતા ધોરાજી અને ઉપલેટામાં મનસુખ માંડવિયા વિરુદ્ધ બેનર લાગ્યાં હતાં. સ્થાનિક ઉમેદવારને મત આપવાની માંગ સાથે લાગેલાં આ પોસ્ટરોએ આ બેઠક પર રાજકીય પારો ઊંચે ચડાવી દીધો છે.

સ્થાનિક મીડિયા સાથેની વાતચીત દરમિયાન ધોરાજી ભાજપના શહેર પ્રમુખ રાજૂભાઈ બાલધાએ કહ્યું "કોંગ્રેસના ઉમેદવાર હારી જવાના ભયથી પોસ્ટર લગાવી રહ્યા છે. હારના ભયથી કોંગ્રેસ આવા સ્ટન્ટ કરી રહી છે. લોકો ભાજપને ઇચ્છે છે અને કોંગ્રેસ હારી જવાની છે."

લોકસભા ચૂંટણી માટેની પહેલી યાદીમાં ગુજરાતથી પણ ભાજપે ૧૫ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. તેમાં પાંચ સાંસદોની ટિકિટ કપાઈ છે.

આ યાદીમાં જ મનસુખ માંડવિયાને પોરબંદરથી ટિકિટ આપવામાં આવી હતી. જોકે, જ્યારથી તેઓ ઉમેદવાર તરીકે જાહેર થયા ત્યારથી જ તેઓ આયાતી ઉમેદવાર છે તેવી ચર્ચાઓએ વેગ પકડ્યો હતો.

પોરબંદરથી હાલના સાંસદ રમેશ ધડુકના સ્થાને તેમને ટિકિટ અપાઈ છે.

છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતમાં વ્યાપકપણે એ ચર્ચા થઈ રહી હતી કે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને પરશોત્તમ રૂપાલાને પણ ભાજપ ગુજરાતથી ચૂંટણી લડાવશે.

એમાં પણ સૌથી વધુ ચર્ચા એ વાતની થઈ રહી હતી કે મનસુખ માંડવિયાને ભાજપ ભાવનગર કે અમરેલી બેઠક પરથી ટિકિટ આપશે. ભાજપે તેમને પોરબંદર બેઠક પરથી ટિકિટ આપીને સૌને ચોંકાવ્યા છે. ભાજપે કેમ મનસુખ માંડવિયાને પોરબંદરથી ઉતાર્યા?

છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ચર્ચાઓમાં મનસુખ માંડવિયાને ભાવનગરથી ટિકિટ આપવામાં આવશે તેવી ચર્ચા હતી.

પરંતુ તેમને અંતે પોરબંદરથી ટિકિટ આપવામાં આવી છે અને રમેશ ધડુકની ટિકિટ કપાઈ ગઈ છે. "પોરબંદર બેઠક પરંપરાગત રીતે લેઉવા પટેલ સમુદાયના પ્રભુત્ત્વવાળી બેઠક ગણાય છે. એ સિવાય આ બેઠક માટે છેલ્લા ઘણા

## લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના ઉમેદવારોની જાહેરાત બાદથી ગુજરાત ભાજપ એક અથવા બીજી રીતે મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે સ્થાનિક સ્તરે કાર્યકરોમાં વિરોધને પગલે પક્ષના સિનિયર નેતાઓ ડેમેજ કંટ્રોલ થકી વિરોધ અને ગુસ્સો શાંત પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

સમયથી અર્જુન મોઢવાડિયા ફેક્ટરની પણ ચર્ચા હતી. વળી, વચ્ચે તો તેમના ભાજપમાં જોડાવાની પણ ચર્ચા હતી." "પરંતુ ચોક્કસપણે મનસુખ માંડવિયાને પોરબંદરથી ટિકિટ આપવામાં આવી તે ચોંકાવનારો નિર્ણય છે. વળી, કેન્દ્રીય મંત્રીને આ બેઠક પરથી ટિકિટ આપવામાં આવી તેના કારણે ભાજપના કાર્યકર્તાઓને પણ દિલોજાનથી કામ કરવું પડે. એટલે જે થોડી ઘણી ચિંતા ભાજપને હોય તેને પણ તેણે નાબૂદ કરવાનો પ્રયાસ કર્યો છે."

મનસુખ માંડવિયાને ભાવનગરથી ટિકિટ ન આપવાના નિર્ણયને એટલા માટે કરવામાં આવ્યો કે "ત્યાંથી ઇન્ડિયા ગઠબંધનના ઉમેદવાર તરીકે આમ આદમી પાર્ટીએ કોળી સમુદાયના ઉમેશ મકવાણાને ટિકિટ આપી છે. ભાવનગરમાં કોળી મતદારોનું કાયમ પ્રભુત્વ રહ્યું છે. એટલે એવું બની શકે કે ભાજપે ત્યાંથી મનસુખ માંડવિયાને ટિકિટ આપવાનું ટાળ્યું હોય."

પોરબંદરની લોકસભા બેઠક હેઠળ ગોંડલ, જેતપુર, ધોરાજી (રાજકોટ જિલ્લો), પોરબંદર અને કુતિયાણા (પોરબંદર જિલ્લો) અને માણાવદર તથા કેશોદ (જૂનાગઢ જિલ્લો) એમ ત્રણ જિલ્લાની સાત વિધાનસભા બેઠક આવે છે. કોંગ્રેસે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી દરમિયાન જે ૧૭ બેઠકો જીતી હતી, તેમાંથી બે બેઠકો પોરબંદર અને માણાવદર આ લોકસભાની બેઠક હેઠળ આવે છે.

વર્ષ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના પૂર્વ અધ્યક્ષ અર્જુન મોઢવાડિયાએ પોરબંદર બેઠક પરથી પૂર્વ મંત્રી બાબુભાઈ બોખીરિયાને આઠ હજાર ૧૦૦ કરતાં વધુ મતથી પરાજય આપ્યો હતો.

૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં પોરબંદર બેઠક પર છેલ્લી વાર કોંગ્રેસની જીત થઈ હતી અને વિઠ્ઠલભાઈ રાદડિયા ચૂંટાયા હતા. ત્યાર બાદ તેઓ ભાજપમાં ભળી ગયા અને ૨૦૧૩ તથા ૨૦૧૪માં ફરીથી એક વાર લોકસભા ચૂંટણીમાં તેઓ જીત્યા હતા.

વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી સમયે કોંગ્રેસે લલિત વસોયાને તો ભાજપે રમેશ ધડુકને ટિકિટ આપી હતી. પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા લલિતભાઈ વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ધોરાજીની બેઠક પરથી વિજેતા થયા હતા. તેમણે વિઠ્ઠલભાઈના ગઢમાં ગાબડું પાડ્યું હતું

વર્ષ ૧૯૯૭માં શંકરસિંહ વાઘેલાએ તેમનું પદ છોડ્યું તેના લગભગ ૨૫ દિવસ પહેલાં ગાંધી જયંતીના રોજ જૂનાગઢમાંથી અલગ જિલ્લા તરીકે પોરબંદરની જાહેરાત કરી, જેના હેઠળ પોરબંદર અને કુતિયાણા એમ બે વિધાનસભા બેઠક મૂકવામાં આવી.

સૌપ્રથમ ચૂંટણી સમયે હાલની પોરબંદર બેઠક હેઠળ આવતા વિસ્તારોનું પ્રતિનિધિત્વ સોરઠ અને હાલાર બેઠક દ્વારા થતું. એ અરસામાં આ ભૂભાગ સૌરાષ્ટ્ર રાજ્ય હેઠળ આવતો. સૌરાષ્ટ્ર રાજ્યને લોકસભાની છ બેઠક મળેલી હતી.

ગુજરાત રાજ્યના ગઠન બાદ જૂનાગઢ અને જામનગર લોકસભા બેઠકોએ અનુક્રમે સોરઠ અને હાલાર બેઠકોની સ્થાનપૂર્તિ કરી. રાજ્યને ૨૨ બેઠક મળી હતી, જે ૧૯૭૧ની ચૂંટણી સમયે વધીને ૨૪ થઈ.

જિલ્લા તરીકેની સ્થાપનાના બે દાયકા પહેલાં વર્ષ ૧૯૭૭ની લોકસભા ચૂંટણી સમયે પોરબંદર બેઠક સ્વતંત્ર રીતે અસ્તિત્વમાં આવી. આ સાથે જ ગુજરાતની બેઠકસંખ્યા વધીને ૨૬ થઈ હતી, જેમાં અનુસૂચિત જાતિને બે તથા અનુસૂચિત જનજાતિને માટે ચાર બેઠક અનામત રાખવામાં આવી હતી.

૧૯૯૧માં ભાજપ પહેલીવાર પોરબંદર લોકસભાની બેઠક જીત્યું હતું અને હરિલાલ પટેલ સાંસદ તરીકે ચૂંટાયા હતા.

૨૦૨૪ની લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસે હજુ સુધી ઇન્ડિયા ગઠબંધન હેઠળ તેના ફાળે ગુજરાતમાં આવેલી ૨૪ બેઠકો પૈકી એક પણ ઉમેદવાર જાહેર કર્યા નથી, એટલે પોરબંદરથી તેના ઉમેદવાર કોણ હશે તે જાહેર થયું નથી.

# ચીને અરુણાચલ પ્રદેશમાં વધુ ૩૦ સ્થળોના નામ બદલી નાખ્યા



નવીદિલ્હી,

ચીને અરુણાચલ પ્રદેશને લઈને વધુ એક વિવાદાસ્પદ પગલું ભર્યું છે, જેમાં અરુણાચલ પ્રદેશના ૩૦ સ્થળોને પોતાનું હોવાનો દાવો કર્યો છે અને તેનું નામ ચીનમાં આપ્યું છે. ચીન પહેલેથી જ દાવો કરી રહ્યું છે કે અરુણાચલ પ્રદેશ તેનો હિસ્સો છે, જેના પર ભારતના વિદેશ મંત્રાલયે તાજેતરમાં જવાબ આપતા કહ્યું કે અરુણાચલ પ્રદેશ અમારો ભાગ હતો, છે અને હંમેશા રહેશે. ભારત સતત ચીનને જડબાતોડ જવાબ આપી રહ્યું છે, તેમ છતાં ચીન પોતાના પગલાથી પીછેહઠ કરી રહ્યું નથી. તેના બદલે, તે અરુણાચલ પ્રદેશમાં સતત તેની છાપ વિસ્તરી રહી છે. ચીનના નાગરિક બાબતોના મંત્રાલયે આ સ્થળોના નામ અને ભૌગોલિક સ્થાનો પણ જાહેર કર્યા છે. અરુણાચલ પ્રદેશના જે ૩૦ સ્થળો પર ચીને વાહિયાત દાવા કર્યા છે તેમાં ૧૧ રહેણાંક વિસ્તારો, ૧૨ પર્વતો, ચાર નદીઓ, એક તળાવ, એક પાસ છે. અને ત્યાં ખાલી જમીન છે. ચીન અરુણાચલ પ્રદેશને પોતાનો દાવો કરે છે અને તેનું નામ જીજાંગ રાખે છે. પરંતુ હવે સાઉથ ચાઈના રિપોર્ટ અનુસાર, માહિતી સામે આવી છે કે ચીની નાગરિક બાબતોના મંત્રાલયે શનિવારે અરુણાચલ પ્રદેશમાં ૩૦ વધુ સ્થળોના નામ બદલી નાખ્યા છે, જેને તે ઝંગનાન અથવા તિબેટનો ભાગ કહે છે. જેમાં ૧૧ રહેણાંક વિસ્તારો, ૧૨ પર્વતો, ચાર નદીઓ, એક તળાવ, એક પાસ અને એક ખાલી જમીન છે. જો કે જે જગ્યાઓના નામ બદલવામાં આવ્યા છે તેના નામ હજુ જાહેર કરવામાં આવ્યા નથી.

# શૈતાન OTT પર રિલીઝ થશે

મુંબઈ,

એક્શનથી લઈને કોમેડી સુધીની તમામ પ્રકારની ફિલ્મોમાં પોતાની પ્રતિભા દેખાડનારા અજય દેવગનની ફિલ્મ 'શૈતાન'એ બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કર્યો છે. અજય અને આર માધવનની આ ફિલ્મ વર્ષ ૨૦૨૩માં રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'વશ'ની હિન્દી રિમેક છે. ફિલ્મની સફળતા બાદ કહેવામાં આવી રહ્યું છે કે આ ક્રાઈમ થ્રિલર સ્ટોરીનો પાર્ટ ૨ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. પરંતુ અજય દેવગનના તે ફેન્સ માટે એક સારા સમાચાર છે જેમણે આ ફિલ્મ પહેલા જોઈ નથી. ટૂંક સમયમાં જ અજયની ફિલ્મ 'શૈતાન' OTT પર સ્ટ્રીમ થવા જઈ રહી છે. સૂત્રોનું માનીએ તો અજય દેવગનની ફિલ્મ 'શૈતાન' ૩ મે, ૨૦૨૪ના રોજ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થવા જઈ રહી છે. આ ફિલ્મની થિયેટરમાં રિલીઝ પહેલા OTT પ્લેટફોર્મ Naflixએ 'શૈતાન'ના OTT રાઈટ્સ ખરીદી લીધા હતા. જો કે જો તમારી પાસે Naflix સબસ્ક્રિપ્શન નથી, તો




તમારે આ ફિલ્મ જોવા માટે વધુ રાહ જોવી પડશે. નેટફ્લિક્સ પર રિલીઝ થયાના ૪૫ દિવસ પછી આ ફિલ્મનું ડીજી પ્રીમિયર થઈ શકે છે.

# 'ટુથબ્રશ' માઉથ કેન્સરની ઓળખ કરશે!

**AI સેન્સરયુક્ત 'ટુથબ્રશ' મોંમાં ફોડલી, દાણા, રંગ અને ફ્રિકવન્સીથી કેન્સરનું નિદાન કરે છે**

મુંબઈ,

આઈઆઈટી કાનપુર ટુથબ્રશ આકારનું એક એવું ડિવાઈસ વિકસીત કર્યું છે જે કેટલાક સેકન્ડમાં માઉથ કેન્સરની તપાસ કરશે. આથી માઉથ કેન્સરના પ્રારંભીક ગાળાને જાણી શકાશે. આ ડિવાઈસ ટુંક સમયમાં ઈલાજ માટે બજારમાં ઉપલબ્ધ થશે. આઈઆઈટીએ એના કોમર્શિયલ ઉપયોગ માટે ખાનગી કંપનીઓને લાયસન્સ આપવાનો નિર્ણય કર્યો છે. સંસ્થાએ આ ડિવાઈસનું નામ 'મુખ પરીક્ષક' રાખ્યું છે. આઈઆઈટી કાનપુરના કેમિકલ એન્જીનીયરીંગ વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક પ્રો. જયંતકુમારસિંહ અને તેમની ટીમે આ ડિવાઈસ વિકસીત કર્યું છે. પ્રો. સિંહે જણાવ્યું હતું કે, અત્યારસુધી કેન્સરની ઓળખ માટે ટિસ્યુમાં તપાસ થાય છે તેમાં ઘણો સમય લાગે છે. આ ડિવાઈસમાં તપાસ માટે નહીં લેવા પડે અને તપાસનો રિપોર્ટ પણ કેટલીક સેકન્ડોમાં મળી જશે. તેમણે જણાવ્યું હતું કે, આ ડિવાઈસની ટ્રાયલ કાનપુર સ્થિત જેકે કેન્સર હોસ્પિટલ ઉપરાંત દેશના અન્ય અનેક હોસ્પિટલોમાં સફળ રહી હતી. ટુંક સમયમાં જ ખાનગી કંપનીઓ સાથે સમજુતી કરીને ટેકનીકલ લાયસન્સ આપવામાં આવશે.

આ ડિવાઈસ હેન્ડહેલ્ડ અને પોર્ટેબલ છે. તેમાં સેલ્ફ પાવર બેકઅપ છે સ્માર્ટ ફોન, ટેબલેટ સાથે વાયરલેસ કનેકશન છે. હાનિકારક વિકિરણથી મુક્ત છે, કેમિકલ વિના ઉપયોગ, સ્વાસ્થ્ય ડેટાનો રેકર્ડ સુરક્ષિત છે. આ ડિવાઈસને મોંની ચારેબાજુ ફેરવવું પડશે.

# વિસ્તારાની વધુ ૩૮ ફ્લાઈટ્સ કરાઈ કેન્સલ : કેન્દ્ર સરકારે જવાબ માંગ્યો

**એરલાઈન પાઈલોટ ઉપલબ્ધ ન હોવાનું કારણ આપી રહી છે**

મુંબઈ,

મુંબઈ,ભારતના ટાટા ગ્રૂપ અને સિંગાપોર એરલાઈન્સની સહ-માલિકીની વિસ્તારા એરલાઇન છેલ્લા કેટલાક દિવસોથી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે, એરલાઈનની સંખ્યાબંધ ફ્લાઈટ ડીલે અથવા કેન્સલ થઇ રહી છે. અહેવાલો મુજબ મંગળવારે દેશના મહત્વના શહેરોમાંથી ઉપડતી ૩૮ વિસ્તારા ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, મુંબઈથી ૧૫ ફ્લાઈટ્સ, દિલ્હીથી ૧૨ અને બેંગલુરુથી ૧૧ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.




એરલાઇન પાઇલોટ ઉપલબ્ધ ન હોવાનું કારણ આપી રહી છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ફ્લાઇટ કેન્સલેશન અને વિલંબ અંગે વિસ્તારા પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે. ગઈકાલે વિસ્તારાની ૫૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને લગભગ ૧૬૦ ફ્લાઈટ્સ ડીલે થઇ હતી, જેને કારણે હજારો મુસાફરો રઝળી પડ્યા હતા. મુસાફરોએ ગઈકાલે એરપોર્ટ પર કલાકો સુધી રાહ જોતા બેસી રહ્યા હતા, અને મુસાફરો એરલાઇનના વર્તનને વખોડી રહ્યા છે. ફ્લાઈટ્સ કેન્સલ અથવા કલાકો સુધી ડીલે થતા મુસાફરોએ સોશિયલ મીડિયા રોષ ઠાલવી રહ્યા છે. વિસ્તારાએ ગઈકાલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ક્રુની અનુપલબ્ધતા સહિત અન્ય વિવિધ કારણોસર છેલ્લા કેટલાક દિવસોમાં નોંધપાત્ર સંખ્યામાં ફ્લાઇટ રદ થવાની અને વિલંબ થવાની સમસ્યા ઉભી થઇ છે.

# કેનેડાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે તેના પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ નિયમોમાં ફેરફાર કર્યો

ટોરેન્ટો,

જે વિદ્યાર્થીઓએ બે વર્ષથી ઓછા સમયમાં માસ્ટર ડિગ્રી પ્રોગ્રામ પૂર્ણ કર્યો છે તેઓ હવે ૩-વર્ષના પીજીડબ્લ્યુપી માટે પાત્ર બનશે, જો કે તેઓ અન્ય તમામ પાત્રતા માપદંડોને પૂર્ણ કરતા હોય. શરૂઆતમાં આ ફેરફાર ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪થી લાગુ થવાનો હતો, હવે આ ફેરફાર ૧૫ મે, ૨૦૨૪થી અમલમાં આવશે. આનો અર્થ એ છે કે ૧૫ મે, ૨૦૨૪ થી, કોર્સ લાયસન્સિંગ એગ્રીમેન્ટ પ્રોગ્રામ્સમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ હવે પીજીડબ્લ્યુપી માટે પાત્ર રહેશે નહીં. આ ઉપરાંત પીજીડબ્લ્યુપી વિશેષ પગલાંની માન્યતા ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

પીજીડબ્લ્યુપી શું છે એ તરફ નજર કરવામાં આવે તો, પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ એ એક ઓપન વર્ક પરમિટ છે જે વિદેશી વિદ્યાર્થીઓને કેનેડામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી આપવામાં આવે છે. જેમની પાસે પીજીડબ્લ્યુપી છે તેઓ કેનેડામાં ગમે ત્યાં કોઈપણ એમ્પ્લોયર માટે ગમે તેટલા કલાક કામ કરવા માટે મુક્ત છે. તમારા પીજીડબ્લ્યુપીની મર્યાદા તમારા અભ્યાસ કાર્યક્રમના સ્તર અને અવધિ તેમજ તમારા પાસપોર્ટની સમાપ્તિ તારીખ, જે પહેલા આવે તેના પર આધાર રાખે છે. જો તમે ડેઝિગ્નેટેડ લર્નિંગ ઈન્સ્ટિટ્યૂશનમાંથી સ્નાતક થયા છો અને કામ કરવા માટે કેનેડામાં અસ્થાયી રૂપે રહેવા માંગતા હો, તો તમે પીજીડબ્લ્યુપી માટે પાત્ર બની શકો છો. ડીએલઆઈ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને હોસ્ટ કરવા માટે કેનેડામાં પ્રાંતીય અથવા પ્રાદેશિક સરકાર દ્વારા માન્ય શાળા. નિયુક્ત શૈક્ષણિક સંસ્થાઓમાં ઓછામાં ઓછા બે વર્ષના સમયગાળાના કાર્યક્રમોના પીજીડબ્લ્યુપી પાત્ર સ્નાતકો ૩-વર્ષનો પીજીડબ્લ્યુપી કરી શકે છે.


# ફિલ્મ Raid 2ની રિલીઝ ડેટ આવી સામે

મુંબઈ,

આ વર્ષ અજય દેવગન માટે ફિલ્મોથી ભરેલું છે. ૧૦ એપ્રિલે તેની ફિલ્મ 'મેદાન' રિલીઝ થવાની છે, જે બોક્સ ઓફિસ પર અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' સાથે ટકરાશે. પરંતુ આ પહેલા અજય દેવગનની ફિલ્મ રેડના પાર્ટ ૨ની એટલે કે 'રેડ ૨'ની રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. એક્ટર યશપાલ શર્માએ ટ્વિટર પર એક પોસ્ટ શેર કરીને આ જાણકારી આપી છે. અજય દેવગન સ્ટારર ફિલ્મ 'રેડ ૨'ની રાહ હવે પૂરી થવા જઈ રહી છે. શેર કરેલા પોસ્ટરમાં




રેડ ૨ ની રિલીઝ તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૪ દર્શાવવામાં આવી છે. પરંતુ મેકર્સ દ્વારા ફિલ્મની રિલીઝ ડેટ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી નથી. હવે ફિલ્મનો બીજો ભાગ પહેલા પાર્ટના ૬ વર્ષ પછી આવશે. રિપોર્ટ્સ મુજબ ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરીમાં જ શરૂ કરવામાં આવ્યું હતું. આ વખતે પણ રિતેશ દેશમુખ ફિલ્મમાં વિલનની ભૂમિકામાં છે. તે અજય દેવગન સાથે ટક્કર કરતો જોવા મળશે. અજયની સાથે ફિલ્મ 'રેડ ૨'માં વાણી કપૂર, સાઉથ સ્ટાર રવિ તેજા અને રજત કપૂર જેવા સ્ટાર્સ પણ જોવા મળશે. વર્ષ ૨૦૧૮માં રિલીઝ થયેલી તેની પહેલી ફિલ્મ 'રેડ'માં ઈલિયાના ડીક્રુઝ લીડ એક્ટ્રેસ તરીકે જોવા મળી હતી. પરંતુ આ વખતે અજયની સામે વાણી કપૂર હશે. આ વખતે પણ અજય ઈક્રમટેક્સ ઓફિસર અમય પટનાયકની ભૂમિકા ભજવી રહ્યો છે. તમને જણાવી દઈએ કે અજય દેવગનની ફિલ્મ 'મેદાન'ની સાથે ફિલ્મ 'ઓરોં મેં કહાં દમ થા' પણ એપ્રિલમાં જ રિલીઝ થશે. તેની ફિલ્મ ૨૬ એપ્રિલે થિયેટરોમાં આવશે.




# પૂર્વ કેપ્ટન ધોનીની ઓવરઓલ ટીર૦ ક્રિકેટમાં 300 વિકેટ લેનાર દુનિયાના પહેલા વિકેટકીપર બની ગયો

મુંબઈ,

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ સીઝનમાં મહેન્દ્ર સિંહ ધોનીએ એક ઐતિહાસિક રેકોર્ડ કાયમ કર્યો છે. તેમણે ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમતા દિલ્હી કેપિટલ્સના સામે મેચમાં આ સફળતા મેળવી છે. સીએસકે ટીમના પૂર્વ કેપ્ટન ધોની ઓવરઓલ ટીર૦ ક્રિકેટમાં ૩૦૦ વિકેટ લેનાર દુનિયાના પહેલા વિકેટકીપર બની ગયા છે.

પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ રવિવારે ક્રિકેટ ઈતિહાસમાં એક એવો રેકોર્ડ બનાવ્યો છે જેને અત્યાર સુધી દુનિયાના કોઈ પણ વિકેટકીપર સ્પર્શી નથી શક્યા. ધોનીએ આ ઐતિહાસિક રેકોર્ડ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ સીઝનમાં બનાવ્યો છે.

**ટી૨૦ ક્રિકેટમાં વિકેટકીપર તરીકે સૌથી વધારે વિકેટ લેનાર ખેલાડી**

- ૩૦૦- મહેન્દ્ર સિંહ ધોની
- ૨૭૪- કામરાન અકમલ
- ૨૭૪- દિનેશ કાર્તિક
- ૨૭૦- ક્વિંટન ડિકોક
- ૨૦૯- જોસ બટલર

હકીકતે રવિવારે વિશાખાપટનમના મેદાન પર ચેન્નાઈ સુપર કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સની વચ્ચે મેચ રમાઈ. આ મેચમાં ધોનીએ સ્પિન ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાના બોલ પર પૃથ્વી શોને વિકેટની પાછળથી કેચ આઉટ કર્યા. આ રીતે ધોની ઓવરઓલ ટીર૦ ક્રિકેટમાં ૩૦૦ શિકાર કરતા દુનિયાના પહેલા વિકેટકીપર બની ગયા છે. આ લિસ્ટમાં પાકિસ્તાનના પૂર્વ વિકેટકીપર કામરાન અકમલ અને ભારતના દિનેશ કાર્તિક સંયુક્ત રીતે બીજા નંબર પર છે.

# દર્શકોના હુરિયા પર હાર્દિક પંડયા જરાપણ ધ્યાન ન આપે : સ્ટીવ સ્મિથ

નવીદિલ્હી,

ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન સ્ટીવ સ્મિથે મુંબઇ ઇન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડયાને સલાહ આપી છે કે, તે હાલમાં આઇપીએલમાં દર્શકો તરફથી થઇ રહેલી હટીંગ (દેકારો) પર ધ્યાન આપે. સ્મિથનું કહેવું છે કે, આ બધી વસ્તુઓનું કોઇ મહત્વ નથી.

રોહિત શર્માની જગ્યાએ એમઆઇ (મુંબઇ ઇન્ડિયન્સ)ના નવા કેપ્ટન બનેલા હાર્દિકને પોતાની કેપ્ટનશિપમાં પ્રારંભિક બન્ને મેચમાં હાર મળી છે.

બીજી બદા, રોહિત પાસેથી કેપ્ટનશીપ છીનવાઇ જતા નારાજ ફેન્સ સતત હાર્દિકને નિશાન બનાવી રહ્યા છે.



સ્મિથે જણાવ્યું હતું કે, હું માત્ર એટલું જ કહીશ કે હાર્દિક તેમાં ધ્યાન આપે-બહાર કોઇ વ્યકિત નથી જાણતું કે તમે કઇ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છો. બહારનો કોઇ શખ્સ ડ્રેસીંગ રૂમમાં નથી.

# જૈનાચાર્ય હંસરત્નસૂરીશ્વરજીના ૧૦૦મા માસક્ષમણના પારણા અક્ષય કુમાર હાજર રહ્યો, ૭ કરોડ દાન કર્યાની ચર્ચા

મુંબઈ,

વિશ્વ-શાંતિ અને અહિંસાનો સંદેશ દુનિયામાં ખૂણે ખૂણે પહોંચાડવાના ધ્યેય સાથે ઉગ્ર તપસ્યા કરતા જૈનાચાર્ય હંસરત્નસૂરીશ્વરજીએ સાતમી વાર સળંગ ૧૮૦ ઉપવાસ પૂર્ણ કરીને વરલીના નેશનલ સ્પોર્ટસ સ્ટેડિયમમાં હજારોની મેદની વચ્ચે સોમાં પારણા કર્યા હતા. આ સાથે તેમણે જૈન ધર્મના ઈતિહાસમાં સૌથી લાંબી અને આકરી ઉપવાસ આરાધનાનો વિક્રમ સર્જ્યો હતો. આપ્રસંગે ૧૦ હજારથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર પણ સામેલ હતો.

વિવિધક્ષેત્રના અગ્રણીઓ અને ૩૫૦થી વધુ સાધુ-સાધ્વીજીઓની ઉપસ્થિતિમાં આયોજિત આ અનોખા પારણા મહોત્સવમાં ફિલ્મસ્ટાર અક્ષય કુમાર ખાસ હાજર રહ્યો હતો. જૈનાચાર્ય કઠીન ઉપવાસ આરાધનાથી અત્યંત પ્રભાવિત થયેલા અક્ષય કુમારે જૈન ધર્મના સિદ્ધાંતો અનુસરવાનો સંકલ્પ કર્યો હતો. આ સાથે તેણે ૭ કરોડનો ચઢાવો કર્યાની પણ ચર્ચા છે. ૪૫ વર્ષ પહેલાં બાળવયે દીક્ષા લેનારા ૫૭ વર્ષના જૈનાચાર્ય હંસરત્નસૂરીશ્વરજીએ છેલ્લા ૨૨ વર્ષમાં ૧૩ વર્ષ સુધી માત્ર ઉકાળેલું પાણી પીને ઉપવાસ કર્યા છે.વર્ષોથી ચાલતી ઉપવાસ આરાધનામાં સળંગ ૩૦ દિવસ ઉપવાસ (માસક્ષમણ) કર્યા હોય એવું ૧૦૦ વાર બન્યું છે. આજે જૈનાચાર્યએ ૧૦૮ માસક્ષમણે પૂર્ણ કરવાની ભાવના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત આચાર્ય હંસરત્નસુરી મહારાજની આકરી ઉપવાસ આરાધનાનું મહત્વ સમજાવતા આચાર્યશ્રી મહાબોધી સુરીશ્વરજી મહારાજે કહ્યું હતું કે, વિશ્વ શાંતિ, અહિંસા તેમજ દુનિયામાં કોઈ વ્યક્તિ ભૂખી ન રહે એ ભાવના સાથે આચાર્યશ્રીએ આ આકરી ઉપવાસ આરાધના કરી છે.



# રાજકોટમાં વિદેશમંત્રી એસ.જયશંકર પ્રબુદ્ધ નાગરિકો સાથે સંવાદ : એવો કોઈ દેશ નથી જયાં ગુજરાતી ન હોય

## દેશના વિકાસમાં ગુજરાતીઓનું યોગદાન મહત્વનું: વિદેશમંત્રી એસ.જયશંકર

રાજકોટ,

દેશના વિદેશમંત્રી એસ.જયશંકર આજે રાજકોટના મહેમાન બન્યા હતા. અત્રે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે સમારોહમાં લોકોને સંબોધતા વિદેશમંત્રી એસ.જયશંકરે હાલ લોકસભાની ચુંટણી આવી રહી છે ત્યારે જણાવ્યું હતું કે, કોઈપણ દેશનું ભાગ્ય ત્યાંની પ્રજાના હાથમાં હોય છે અને દર પાંચ વર્ષે પ્રજાને આ મોકો મળતો હોય છે.







તસવીર : દિલિપ ગોહેલ

આ તકે વિદેશમંત્રીએ જણાવ્યું હતું કે, દેશના વિકાસમાં ગુજરાતીઓનું યોગદાન મહત્વપૂર્ણ છે. એવો કોઈ દેશ નથી જયાં ગુજરાતી ન હોય.

વિદેશમંત્રીએ જણાવ્યું હતું કે, તેમને પ્રથમ વખત રાજકોટમાં આવવાનો મોકો મળ્યો છે. છેલ્લા ૧૦ વર્ષથી આપણે જોઈએ છીએ કે કઈ રીતે રાષ્ટ્રનું નિર્માણ થઈ રહ્યું છે. આપણી ફરજ પણ છે કે આપણે તેના માટે કટિબદ્ધ વ્યક્તિઓના હાથ મજબૂત કરીએ.

જયશંકરે જણાવ્યું હતું કે, અમૃતકાળની યાત્રામાં આપણે સફળ થશુ એવી આશા છે. છેલ્લા ૧૦ વર્ષમાં જે પરિવર્તન આવ્યું તેનો પ્રભાવ વિદેશમાં જોવા મળી રહ્યો છે.

એસ.જયશંકરે તેમના પુસ્તક 'માય ભારત મેટર્સ'નો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ પણ થોડા સમયમાં આવી જશે. આ પ્રસંગે વિદેશમંત્રીએ ગુજરાતીના યોગદાનને યાદ કરી કહ્યું હતું કે દેશના વિકાસમાં ગુજરાતીઓનું યોગદાન મહત્વપૂર્ણ છે.

એસ.જયશંકરે સરકારની અન્ન યોજનાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે અન્ન યોજનાના લાભાર્થી ૮૦ કરોડ છે. જેનો સીધો મતલબ એ છે કે તમે યુરોપ અને અમેરિકાને અન્ન પૂરું પાડી રહ્યા છો.

વિદેશમંત્રીએ કેન્દ્રની ઉજ્જવલા યોજનાને યાદ કરીને કહ્યું હતું કે ઉજ્જવલા યોજના ૯૦ કરોડ લાભાર્થી સુધી પહોંચી છે. જયશંકરે આવાસ યોજનાનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે આવાસ યોજનાના જે લાભાર્થીઓની સંખ્યા છે એટલી તો જાપાન અને જર્મનીની વસ્તી છે.આર્થિક પાસાના સંદર્ભમાં એસ.જયશંકરે જણાવ્યું હતું કે આપણો અત્યારે ૪ ટ્રીલીયન જીડીપી ગ્રોથ છે. આપણું લક્ષ્યાંક ૫ ટ્રીલીયન સુધી પહોંચવાનું છે. ગોલ્ડમેન રિસર્ચનું કહેવુ છે કે ભારત ૨૦૭૫ સુધીમાં વિશ્વનું બીજું સૌથી મોટુ અર્થતંત્ર હશે તેવી ભવિષ્યવાણી વિદેશમંત્રીએ નાખી હતી.

વિદેશમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે વિશ્વમાં અનેક ફેરફારો આવી રહ્યા છે. રોજગારીના સંદર્ભમાં વિદેશમંત્રીએ જણાવ્યું હતું કે રોજગારીની તકો દેશમાં અને દેશની બહાર બન્ને જગ્યાએ છે.

સેમી કન્ડકટરનો ઉલ્લેખ કરતા એસ.જયશંકરે કહ્યું હતું કે વિશ્વમાં હાલ સેમી કંડકટર મામલે સ્પર્ધા શરૂ થઈ છે. વિદેશમંત્રીએ આ મામલે ગુજરાતનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે ગુજરાતમાં ધોલેરામાં સેમી કંડકટરની ફેકટરી શરૂ થવા જઈ રહી છે અને સરકાર તેના માટે કામ કરી રહી છે.

વિદેશમંત્રીએ ગરીબીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. એસ.જયશંકરે સંબોધનમાં કહ્યું હતું કે ભારત આજે વિશ્વના અનેક રાષ્ટ્રો માટે રોલ મોડેલ બન્યું છે.

યુક્રેન, પોલેન્ડ, રોમાનિયામાં મુસીબતો પેદા થતા વિદેશ મંત્રાલયે કામગીરીને યાદ કરતા જણાવ્યું હતું કે યુક્રેનમાં યુદ્ધ શરૂ થયું ત્યારે ૨૦ હજાર લોકોને ત્યાંથી એરલિફટ કરવા ઓપરેશન ગંગાની ભારતે શરૂઆત કરી લોકોને સ્વદેશ લાવવામાં આવ્યા હતા.

પોલેન્ડ અને રોમાનિયાના માધ્યમથી મેકસીમમ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા, જામસાહેબ દ્વારા કરવામાં આવેલ એ મદદને હજુ પણ પોલેન્ડને યાદ છે.

# રાજકોટમાં ભાજપના વિવિધ મોરચા સેલનાં આગેવાનોની બેઠક યોજાઇ

### તમામ મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ સાથે વિવિધ સંગઠનાત્મક કામગીરીની સમીક્ષા કરાઈ

રાજકોટ,

લોકસભા ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય ખાતે કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં અને શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની અધ્યક્ષતામાં શહેર ભાજપના વિવિધ મોરચા અને સેલની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહીતના ઉપસ્થિત રહયા હતા.



આ બેઠકમાં પરશોતમભાઈ રૂપાલાએ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકારની વિવિધ પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓનો લાભ અને માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવા કટીબધ્ધ બને તેમજ ચૂંટણીલક્ષી કામગીરી અંતર્ગત વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડયું હતું. તેમજ વિવિધ મોરચા-સેલને લગતી કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ માં થયેલ નેત્રદિપક કામગીરીના બેનરો બનાવીને પ્રચાર-પ્રસાર કામગીરીને વેગવંતુ બનાવવા અંતર્ગત માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં શહેર ભાજપના વિવિધ મોરચામાં યુવા મોરચો, મહિલા મોરચો, બક્ષીપંચ મોરચો, કિસાન મોરચો, અનુસુચિત જાતી મોરચો, લઘુમતી મોરચો, આદી જાતિ મોરચાના પ્રમુખ, મહામંત્રી, હોદેદરો તેમજ શહેર ભાજપના વિવિધ સેલ જેવા કે લીગલ સેલ, વેપારી સેલ, શિક્ષક સેલ, આર્થિક સેલ, સાંસ્કૃતીક સેલ, સી.એ. સેલ, બૌધ્ધિક સેલ, સહકાર સેલ, માલધારી સેલ, ગૌ સવંર્ધન સેલ ના સંયોજક સહસંયોજક સહિતના ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટમાં મનપાની પ્રિ-મોન્સુન વોકળા સફાઈ શરૂ : ૮૫ ટન ગાર-કચરાનો નિકાલ

### મનપાની સોલીડ વેસ્ટ શાખા દ્વારા વોર્ડ નં. ૨,૪,૫,૭, ૧૦,૧૪ તથા ૧૫ ના વોકળા ચોખ્ખા ચણાંક કરાયા

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા 'સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪' અને 'નિર્મળ ગુજરાત ૨.૦'અભિયાન હેઠળ પ્રિ-મોન્સૂન વોકળા સફાઈ અંતર્ગત તા.૦૧-૦૪-૨૦૨૪ના રોજ શહેરના વોર્ડ નં.૨, ૪, ૫, ૭, ૧૦, ૧૪ અને ૧૫માં આવેલ વોંકળાની સફાઈ કરી આશરે ૮૫ ટન ગાર / કચરોનો નિકાલ કરવામાં આવેલ.

પૂર્વ ઝોનના વોર્ડનં.૧૫માં ચુનારાવાડ શેરી નં ૪, ડાભી હોટલ પાસેના વોંકળામાં સફાઈ, અરવિંદ ઈન્ડફસ?ટ્રીઝ અને કંગાશીયાવાડ વોકળામાં સફાઈ, વોર્ડ નં.૦૪માં વોર્ડ નં.૪ ઓફિસ પાસે અને ધોળકીયા સ્કુલ પાસેના વોકળામાં સફાઈ, જે.સી.બી. ડમ્પવર દ્વારા જે.કે.નાલા રોહિદાસપરામાં વોકળામાં સફાઈની કામગીરી તથા વોર્ડ નં.૫માં આર્યનગર અને વાલ્મિકી આવાસ યોજના પાસેના વોકળામાં સફાઈ કામગીરી કરવામાં આવી હતી.



મધ્યઝોનના વોર્ડનં. ૦૭માં મણીમાની વાડી ઠક્કર બાપા વાસ નાળા તરફ જે.સી.બી. ડમ્પર દ્વારા વોકળા સફાઈ, સરદાર નગર-૯ના વોકળામાં સફાઈ, વોર્ડ નં.૨માં ઠાકર હોટેલ પાસે ડમ્પર દ્વારા વોકળામાં સફાઈ, વોર્ડનં.૧૪માં હાથીખાના-૧૭ બોક્ષ ગટરની સફાઈ કામગીરી કરવામાં આવેલ.૫?મિ ઝોનના વોર્ડ નં.૧૦માં ગુરુજીનગર આવાસ પાસે તથા વામ્બે આવાસ મેન્યુલ તથા ડમ્પર દ્વારા વોકળામાં સફાઈ કામગીરી કરવામાં આવેલ હતી.આમ, ત્રણેય ઝોનમાંથી કુલ-૦૮ ડમ્પર ફેરા અને ૦૫ ટ્રેકટર ફેરાથી અંદાજીત ૮૫ ટન ગાર, કચરો વોંકળામાંથી નિકાલ કરવામાં આવેલ છે.ઉપરોક્તર કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલના માર્ગદર્શન તથા નાયબ કમિશનર સ્વપ્નલ ખરેની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઈ કામગીરી કરવામાં આવેલ છે. જે અંતર્ગત પર્યાવરણ ઈજનેર અને લગત ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેર અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ. શાખાની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.

# રાજકોટની સિવિલ હોસ્પિટલમાં રિક્ષાના પાર્કિંગ બંધ : દર્દી- સગાઓ પરેશાન

રાજકોટ,

રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલમાં આવતા-જતા દર્દીઓ માટે હવે નવી મુસિબત ઉભી થયાની ફરિયાદો ઉઠી છે. તંત્રએ કોઈ કારણોસર ઓટો રીક્ષાના પાર્કિંગ પર બ્રેક મારી દેતા વૃધ્ધ-અશક્ત-ચાલી ન શકે તેવા દર્દીઓને બહારથી સબંધિત વોર્ડ વિભાગ સુધી કેમ પહોંચાડવા તે પ્રશ્ર્ન દર્દીઓમાં દેકારો થયો છે.જાણકારો કહે છે કે, અગાઉ ચૌધરી હાઈસ્કૂલના મેદાનમાંથી સિવિલ હોસ્પિટલમાં નાના-મોટા વાહનો એટલે કે રીક્ષા અને એમ્બ્યુલન્સ મારફતે પ્રવેશી શકાતુ અને આ મેદાનમાં રીક્ષાઓ પાર્કિંગ થઈ શકતું પણ અહીં સબંધી તંત્રએ ચૂંટણી કામગીરીને લીધે સતત વાહનોની અવર-જવર પાર્કિંગને ધ્યાને લઈ દિવાલ ઉભી કરી દેતા હવે ચૌધરી હાઈસ્કૂલના મેદાનમાંથી દર્દીઓના રીક્ષા જવા વાહનોની અવર-જવર બંધ થઈ ગઈ છે.



પરિણામે દર્દીઓની આવન-જાવનમાં હાડમારી ઉભી થયાની ફરિયાદો ઉઠી છે.

જાણકારો કહે છે કે સિવિલના મેદાનમાં વાહનોની અવરજવરને પાબંધી નથી લદાઈ પણ રીક્ષા જેવા ખાનગી વાહનોનું પાર્કિંગ બંધ કરવામાં આવ્યું છે.આવા નિર્ણય પાછળ તંત્રનું કહેવાનું થાય છે કે, અહીં રોજબરોજ દર્દી- દર્દીના સગાઓની મોટી અવરજવરને લીધે ટ્રાફિક સમસ્યા ઉભી થાય છે ઘણી વખત હોસ્પિટલ પાંગણમાં અકસ્માતોનો દર્દીઓમાં ભય સેવાતો હોવાથી અહીં વાહનોનું પાર્કિંગ બંધ કરવામાં આવ્યું છે.

# રાજકોટ ઝૂમાં ઉનાળાનો પ્રારંભ થતા જ વન્ય પ્રાણીઓ, પક્ષીઓ માટે ઠંડકની વ્યવસ્થા : માંસાહારી પ્રાણીઓનો ખોરાક ઘટયો

### સિંહ, વાઘ માટે પાણીના કુંડ, ફુવારા, પંખા : વાનરો માટે આઈસ કેન્ડી : વાનરો માટે ફ્રુટ આઈસ કેન્ડી સહિતની સુવિધા

રાજકોટ,

રાજકોટ શહેરના પ્રદ્યુમન પાર્ક ઝુમાં હવે ગરમીની અસર શરૂ થઇ ગઇ છે ત્યારે ઝુ વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓ અને પક્ષીઓ માટે કુલ કુલ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. નાના મોટા પ્રાણીઓ અને પક્ષીઓ માટે પંખા, ફુવારા, વાનરો માટે ફ્રુટ આઈસ કેન્ડી સહિતની સુવિધા ઉભી કરાયાનું કમિશ્નર આનંદ પટેલે કહ્યું હતું. રાજકોટ મનપાના પ્રદ્યુમન પાર્ક ઝુની વર્ષે સાડા સાત લાખ જેટલા લોકો મુલાકાત લેતા હોય છે. હાલ રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે જુદી જુદી ૬૭ પ્રજાતિઓનાં કુલ ૫૬૪ વન્યપ્રાણી-પક્ષીઓ પ્રદર્શિત કરવામાં આવે છે. જેમને જુદી જુદી ઋતુઓમાં વાતાવરણની કોઇ આડઅસર ન થાય અને તમામની તંદુરસ્તી જળવાઇ રહે હાલ શરૂ થયેલા ઉનાળામાં જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. તેઓને ગરમીથી રક્ષણ મળી રહે તે માટે કુદરતી પ્રકૃતી અનુસાર ઝૂ ખાતે સુપ્રિ. ડો. આર.કે.હિરપરાના માર્ગદર્શન હેઠળ ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે.



તસવીર : દિલિપ ગોહેલ

મોટા કદના પ્રાણીઓ (સિંહ, વાઘ, દિપડા, રીંછ વિગેરે) - આ તમામ પ્રાણીઓના પાંજરામાં વિશાળ પાણીના પોન્ડ બનાવવામાં આવેલ છે. આકરો તાપ તથા ગરમીના સમયે પ્રાણીઓ પોન્ડના પાણીમાં બેસી રહે છે અને ગરમીથી રાહત મેળવે છે.પાંજરાની અંદર વૃક્ષોની ડાળીઓ વચ્ચે ફોગર (ફુવારા) સીસ્ટમ ગોઠવવામાં આવેલ છે. જેથી સમગ્ર પાંજરાનું વાતાવરણ ઠંડુ રહી શકે.પાંજરામાં પ્રાણીઓને બેસવા માટે ખાસ પ્રકારના આર્ટીસ્ટીક વુડન શેલ્ટર બનાવવામાં આવેલ છે. જેના ઉપર પ્રાણીઓ બેસી તડકાથી રાહત મેળવે છે અને મુલાકાતીઓ પણ પ્રાણીઓને સારી રીતે નિહાળી શકે છે. બપોર પછીના સમયે તાપમાનનો પારો ખુબ ઉંચો હોય ત્યારે રીંછને ખાસ પ્રકારની ફ્રુટ કેન્ડી આપવામાં આવે છે.

# ગુજરાતમાં વીઆઈ મોબાઈલ ફિલ્મ પ્રોજેક્ટ કોન્ટેસ્ટના વિજેતાઓ જાહેર થયા

### રાજકોટના VOID એ રોકડા રૂ. ૧ લાખનું પ્રથમ ઈનામ, અમદાવાદના મેમાને રૂ. ૫૦,૦૦૦નું બીજું ઈનામ તથા બરોડાના ડો. નિલકંઠ રાયે રૂ. ૨૫,૦૦૦નું ત્રીજું ઈનામ જીત્યું છે

રાજકોટ

રાજકોટના VOID એ ગુજરાતમાં વીઆઇ મોબાઇલ ફિલ્મમેકિંગ કોન્ટેસ્ટમાં પહેલું ઇનામ જીત્યું છે. વસ્ત્રાપુર એમ્ફીથિયેટર ખાતે પસંદ કરેલી એન્ટ્રીના સ્પેશિયલ સ્ક્રીનિંગ બાદ અમદાવાદમાં ૩૦મી માર્ચે આ જાહેરાત કરવામાં આવી હતી. રેડ એફએમ સાથેની પાર્ટનરશિપમાં આ કોન્ટેસ્ટનું આયોજન અને પ્રમોશન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાંથી મળેલી ૭૦થી વધુ શોર્ટ ફિલ્મ એન્ટ્રીમાંથી ત્રણ વિજેતા એન્ટ્રી પસંદ કરવામાં આવી હતી. અમદાવાદના મેમાને રૂ. ૫૦,૦૦૦નું બીજું ઇનામ તથા વડોદરાના ડો. નીલકંઠ રાયે રૂ. ૨૫,૦૦૦નું ત્રીજું ઇનામ જીત્યું હતું.

૫૦થી વધુ પહેલી વખતની ફિલ્મ બનાવનારાઓએ આ કોન્ટેસ્ટમાં ભાગ લીધો હતો અને કોમેડી, સટાયર, હોરર, થ્રિલર, બાયોપિક, રોમ કોમ, ડ્રામા, એક્શન, સ્લાઈસ ઓફ લાઈફ અને અન્ય જેવા અનેક વિષયો પર ફિલ્મો બનાવી હતી. શોર્ટલિસ્ટ થયેલી એન્ટ્રીઓ વોટિંગ માટે રેડ એફએમની યુટ્યૂબ ગુજરાતી ચેનલ પર અપલોડ કરવામાં આવી હતી. ગુજરાતી ફિલ્મ નિર્માણ ઉદ્યોગની જાણીતી અને અગ્રણી હસ્તીઓ સોશિયલ મીડિયા દ્વારા ફિલ્મ નિર્માણની વિવિધ મહત્વપૂર્ણ આવશ્યકતાઓ અને બાબતો વિશે સહભાગીઓને માર્ગદર્શન આપવા માટે આગળ આવ્યા હતા. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટની પસંદગીની કોલેજોમાં યુવાનોને શિક્ષિત કરવા, વિશેષ ટિપ્સ આપવા અને પ્રોત્સાહિત કરવા માટે ખાસસેશન્સ અને વર્કશોપ પણ યોજવામાં આવ્યા હતા.

# રાજકોટના કોટેચા ચોક, સહિતના વિસ્તારોમાં ટ્રાફિક ડ્રાઈવમાં ૩૪૫ એન.સી.કેસ નોધાયા

રાજકોટ,

રાજકોટ શહેરના કોટેચા ચોક, સોરઠીયા વાડી સર્કલ, બાલક હનુમાન પેડક રોડ,ઘંટેશ્વર તથા જુના કુવાડવા પોલીસ સ્ટેશન પાસે અલગ અલગ ટ્રાફિક અધિકારીની ટીમ બનાવી વાહન ચેકીંગ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેમાં પીઆઇ બી. પી. રજીયા, પીએસઆઇ આર. એસ. પરમારની ટીમે કોટેચા ચોકમાં ૬૯ કેસ, પીએસઆઇ જનકસિંહ રાણાએ સોરઠીયા વાડી સર્કલ પાસે ૬૫ કેસ, પીએસઆઇ વી. એ. પરમારે પેડક રોડ પર ૪૬ કેસ, પીએસઆઇ ધાસુરાએ ૪૨૧૦૦નો દંડ, પીઆઇ એમ. જી. વસાવાએ નવાગામ પાસે ૮૩ કેસ કર્યા હતાં. કુલ ૩૪૫ કેસ તમામ ટીમોએ કરી રૂા. ૧,૬૨,૯૦૦નો દંડ વસુલાયો હતો. એએસઆઇ તૃષાબેન અને મહેન્દ્ર ભાઇએ ઓવરસ્પીમડના કેસો કરી ચલણ ઈશ્યુ, કર્યા હતાં. આ ટીમ સાથે બે પ્રોબેશનર પીએસઆઇ પણ કામગીરીમાં જોડાયા હતાં. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પૂજા યાદવની સુચના અને એસીપી જે. બી. ગઢવીની રાહબરીમાં આ કામગીરી થઇ હતી.

# રાજકોટ જીલ્લામાં મતદાન બુથો પર દિવ્યાંગો અને સિનિયર સીટીઝન મતદારોને કતારમાં ઉભા રહેવામાંથી મુકિત

### મતદાનના આઠ-દશ દિવસ પૂર્વે રાજકોટ લોકસભા બેઠકના તમામ ૨૨૩૬ મતદાન મથકો પર બીએલઓ ને મતદાર યાદી સાથે બેસશે

રાજકોટ,

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સુચારૂ રૂપથી યોજાય તે માટે જીલ્લા કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી દ્વારા પુરજોશમાં શરૂ કરાયેલ તૈયારીઓને વેગ આપવામાં આવી રહ્યો છે.રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના તમામ ૨૨૩૬ મતદાન બુથો પર મતદાનનું આઠ દસ દિવસ પૂર્વે મતદાર યાદી સાથે બીએલઓને બેસાડવા માટે ચૂંટણી તંત્ર દ્વારા આદેશ કરાયેલ છે. જેથી આ મતદાન બુથો પર બીએલઓ મતદાર યાદી સાથે બેસી મતદારોને તેમના મતદાર યાદીના ક્રમ નંબર, બુથ સહિતની માહિતી પુરી પાડશે. આ ઉપરાંત મતદાન બુથો ઉપર દિવ્યાંગો અને ૮૫ કે તેથી વધુ વર્ષની વયના મતદારોને હવે કતારમાં ઉભા રહેવામાંથી મુકિત આપવામાં આવી છે. મતદાન બુથો પર મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ચૂંટણી પંચ દ્વારા વિશેષ રૂપથી પગલા લેવા માટે આ વખતે જીલ્લા વહીવટી તંત્રને અગાઉથી જ આદેશ આપી દેવામાં આવેલ છે. જે અંતર્ગત મતદાન બુથો પર બેરા મેડીકલ સ્ટાફને પણ તૈનાત કરવામાં આવનાર છે. આગામી તા.૭મીના રોજ ઈવીએમ વેર હાઉસમાંથી ઈવીએમનું ડીસ્પેચીંગ વિધાનસભા વિસ્તારવાઈઝ કરી દેવામાં આવનાર છે. આ ઉપરાંત બીએલઓ દ્વારા મતદાન બુથો પર ઉપલબ્ધ સુવિધાની ચકાસણી થાય તે માટે પણ જરૂરી આદેશ આપવામાં આવેલ છે.

# કાલાવડ અને જોડીયામાં રૂપાલાના વિરોધમાં બ્યુગલ ફૂંકાયું

## મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજ એકત્ર થઈ રૂપાલાની ટિકિટ રદ કરવા મામલતદારને પાઠવ્યું આવેદન





જામનગર : બેબાક બોલ બોલવા માટે જાણીતા અને હાલ રાજકોટ ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પુરષોતમ રૂપાલાની જીભ એક કાર્યક્રમમાં એવી તો લપસી કે તેમના નિવેદને ગુજરાત ભાજપની ઊંઘ હરામ કરી દીધી છે, ત્યારે અત્યાર સુધી શહેર જીલ્લા સુધી રૂપાલાના વિરોધ બાદ હવે નાના નાના ગામોથી માંડીને અને તાલુકા મથક સુધી પણ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ મેદાને આવ્યો છે અને ના બોલવાનું બોલનાર રૂપાલાની ટીકીટ કાપવાની માંગ મક્કમ કરી દેવામાં આવતા ભાજપનું ટેન્શન વધી રહ્યું છે.જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં ખુબ મોટી કહી શકાય તેવી સંખ્યામાં ક્ષત્રિય સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું છે, જેમાં મુખ્યત્વે પુરુષોત્તમ રૂપાલાની ઉમેદવારી રદ નહીં કરે તો વિરોધ પ્રદર્શનની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે, વધુમાં રૂપાલાની ઉમેદવારી રદ નહીં કરે તો ભાજપ વિરોધી મતદાન કરી વિરોધ પ્રદર્શન કરવા સુધીની પણ કાલાવડ ક્ષત્રિય સમાજના આગેવાનો અને યુવાઓએ તૈયારી બતાવી છે અને જો ઉમેદવાર બદલવામાં નહિ આવે તો આગામી દિવસોમાં રાજકોટ ખાતે રાજપૂત સમાજનું મોટું સંમેલન યોજાશે આજે કાલાવડમાં આ આવેદનપત્ર આપતા સમયે બહોળી સંખ્યામા કેટલાય ગામોના સરપંચો સહિત ક્ષત્રિય સમાજના આગેવાનો તેમજ ભાજપ સમર્થક આગેવાનો પણ જોડાયા હતા, તો આ તરફ જોડિયા તાલુકા ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા પણ મામલતદારને આવેદનપત્ર પાઠવી રૂપાલાની ઉમેદવારી રદ કરવા માંગ કરવામાં આવી કારણ કે રૂપાલાએ આપેલ વિવાદિત નિવેદનથી સમાજના આત્મસન્માનને ઠેસ પહોંચી જો તેમની ઉમેદવારી રદ ના કરવામાં આવે તો જોડિયા તાલુકા ક્ષત્રિય સમાજ ઉગ્ર આંદોલનના મંડાણ કરશે તેવી ચીમકી પણ આ આવેદનપત્રમાં ઉચ્ચારવામાં આવી છે.

# ખંભાળિયા તાલુકાના કજૂરડા ગામે રહેણાંક મકાનમાં જુગાર રમતા પાંચ શકુનિ ઝડપાયા



તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના કજૂરડા ગામે એક રહેણાંક મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જયાં જુગાર રમી રહેલાં પાંચ શખ્સોની ધરપકડ કરી તેઓ પાસેથી રોકડ સહિતની મત્તા કબ્જે કરી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં હાલ ચૂંટણીને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ સ્થાનિક પોલીસ મથકના ઈન્ચાર્જ બી.જે. સરવૈયાના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના કજૂરડા ગામે આવેલી સરકારી સ્કૂલ પાસે રહેતા સુરેશ ધનાભાઈ ડગરા નામના ૪૨ વર્ષના શખ્સ દ્વારા પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી અને ચલાવતા જુગારના અખાડામાંથી પોલીસે આરોપી સુરેશ ડગરા સાથે તેજા પાલા ડગરા, માલસી ખેતા ઢચા, વિજય આલા માતંગ અને પુના ભુરા રાઠોડ નામના પાંચ શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૪૮,૮૦૦ રોકડા તથા રૂપિયા ૬,૦૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૫૪,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી. આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. બી.જે. સરવૈયા, હેડ કોન્સ્ટેબલ ખીમાભાઈ કરમુર, જેઠાભાઈ પરમાર, દિવ્યરાજસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા, યોગરાજસિંહ ઝાલા તથા કાનાભાઈ લુણા દ્વારા કરવામાં આવી હતી.

# જામનગરમાં યુવાનને કામ ધંધો નહીં મળતા ગળાફાંસા ખાઈ જિંદગીનો અંત આણ્યો

જામનગર : જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતા એક યુવાનને કોઈ કામધંધો મળતો ન હોવાથી બેકારીના કારણે જિંદગીથી કંટાળી જઈ ગળાફાંસા દ્વારા આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

જામનગરના નવાગામ ઘેડ ઈન્દિરા સોસાયટીમાં રહેતો કેતન ઈશ્વરભાઈ મકવાણા નામનો ૨૪ વર્ષનો મોચી જ્ઞાતિનો યુવાન, કે જેને છેલ્લા કેટલાક સમયથી સરખું કામ મળતું ન હોવાથી, તેની સતત ચિંતામાં રહેતો હતો, અને પોતાની બેકારીના કારણે તેણે ગઈકાલે પોતાના ઘેર પંખાના હુકમા ચાદર બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે મૃતકના પિતા ઈશ્વરલાલ ડાયાલાલ મકવાણાએ પોલીસને જાણ કરતાં સિટી બી. ડિવિઝન પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને સમગ્ર બનાવ મામલે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

# જામજોધપુરના બાવરીદડ ગામેં વાડીમાં ચાલતું જુગારધામ ઝડપાયું

## એક મહિલા સહિત ૮ પત્તા પ્રેમીઓની અટકાયત કરી રૂ. ૧૨.૭૦ લાખનો મુદ્દા માલ કબજે કર્યો





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના બાવરીદડ ગામમાં એક વાડીમાં જુગારધામ ચાલી રહ્યું હોવાની બાતમીના આધારે ગઈરાત્રે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો, અને ગંજીપાના વડે જુગાર રમી રહેલી એક મહિલા સહિતના આઠ પત્તા પ્રેમીઓને ઝડપી લીધા હતા, અને તેઓ પાસેથી રોકડ સહિત કુલ ૧૨.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ દરોડાની વિગત એવી છે કે જામજોધપુર તાલુકાના બાવરીદડ ગામની સીમમાં આવેલી રાણાભાઇ ગાગિયાની ભાગીદારીની વાડીમાં જુગારધામ ચાલી રહયું છે, અને જામનગર શહેર જિલ્લામાંથી તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા, કલ્યાણપુર અને ભાણવડ પંથકમાંથી સ્ત્રી પુરુષ સહિતના પતા પ્રેમીઓ એકત્ર થઈને જુગાર રમી રહ્યા છે. જે અંગેની બાતમીના આધારે એલસીબીની ટુકડીએ ગઇકાલે રાતે દરોડો પાડયો હતો, જ્યાં જુગાર રમી રહેલ બાવરીદડ ગામના સંજય કિશોરભાઈ સીતાપરા, જામ કલ્યાણપુરના જયેશ ભાયાભાઈ બેલા, ખંભાળિયાના નથુભાઈ નારણભાઈ કાંબરીયા, કલ્યાણપુર પંથકના ભાવેશ જયંતીભાઈ જોશી, જામનગર તાલુકાના કનસુમરા ગામના મૂર્તજા કાસમ ભાઈ ખીરા, ભાણવડના વેપારી વિમલ વલ્લભભાઈ પાડલીયા, જામનગરના ગોકુલ નગરમાં રહેતા અરસીભાઈ સામતભાઈ નંદાણીયા તેમજ જામનગરમાં અંધાશ્રમ ફાટક પાસેના આવાસમાં રહેતી ક્રિષ્નાબેન પોપટભાઈ પરમાર નામના ૮ શખ્સોને ઝડપી લીધા હતા. અને તેઓ પાસેથી રૂપિયા ૨ લાખ ૨૦ હજારની રોકડ રકમ, ૭ નંગ મોબાઈલ ફોન, બે નંગ કાર સહિત રૂપિયા ૧૨ લાખ ૬૦ હજારની માલમતા કબજે કર્યો છે.

# જામનગરના પ્રતિબંધિત એરફોર્સ વિસ્તારમા બંધ મકાનમાંથી રૂ.૧.૩૦ લાખના ઘરેણાંનીની ચોરી

જામનગર : જામનગર એરફોર્સના પ્રતિબંધિત વિસ્તારમાં એક બંધ રહેણાક મકાનમાં કોઈ અજાણ્યા તસ્કરોએ હાથફેરો કરી રૂ.૧.૩૦ લાખની કિંમતના સોના- ,ચાંદીના ઘરેણાંની ચોરી કરી લઇ ગયા હતા. જે આ બનાવ અંગે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસ ટુકડી તપાસ અર્થે ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

જામનગરમાં પ્રતિબંધિત ગણાતા એરફોર્સમા વિસ્તારમાં ફરજ બજાવતા અને ત્યાં જ સ્ટાફ કવાટરમાં રહેતા એરફોર્સના અધિકારી અભયપ્રતાપસિંહ રવીન્દ્રનથસિંહના બંધ રહેણાક મકાનમાં કોઈ તસ્કરો ઘુસ્યા હતા. અને મકાનમાંથી રૂ.૧ લાખ ૩૦ હજારની કિંમતના સોના-ચાંદીના ઘરેણાની ચોરી કરી લઇ ગયા હતા.

દરમ્યાન મૂળ ઉત્તર પ્રદેશના વતની એવા એરફોર્સના અધિકારી ગત તા.૨૪ ના ઘરને તાળા મારીને રજા ઉપર વતનમા ગયા હતા અને તા.૩૧ ના પરત ફર્યા હતા. ત્યારે તેમને પોતાના ઘરના તાળા તૂટેલા જોવા મળતા તેઓએ તુરત જ પોલીસમા ફરિયાદ નોંધાવતા પો.સબ.ઈન્સ. એચ વી. પીપળીયાએ તપાસ હાથ ધરી છે. એરફોર્સનો વિસ્તાર પ્રતિબંધિત છે. આથી સામાન્ય વ્યક્તિ એરફોર્સ વિસ્તારમાં પ્રવેશ કરી શકતો નથી. ત્યારે આ પ્રતિબંધિત વિસ્તરમાં થયેલી ચોરીના બનાવએ ભારે ચર્ચા જગાવી છે.

# ખંભાળિયાની સોસાયટીમાં લાગ્યા ''રૂપાલા હટાવો''ના બેનર : ચૂંટણી બહિષ્કારની ચિમકી






ખંભાળિયા : રાજકોટના એક કાર્યક્રમમાં ભાજપના રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ અંગે કરવામાં આવેલી ટિપ્પણીના ઊઠેલા વિરોધના વંટોળમાં ખંભાળિયાના ક્ષત્રિય સમાજમાં પણ રોષની લાગણી જોવા મળી રહી છે.

ખંભાળિયાની વિનાયક સોસાયટી ખાતે રાજપુત સમાજના લોકો દ્વારા પોતાના ઘરોમાં પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગણી સાથે ભાજપના કોઈપણ વ્યક્તિએ પ્રચાર માટે આવવું નહીં. જો રૂપાલાની ઉમેદવારી રદ કરવામાં નહીં આવે તો ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે તે પ્રકારના બેનરો લગાવીને વિરોધ વ્યક્ત કર્યો હતો.

# જામનગરમાં નાગેશ્વર પાર્ક વિસ્તારમાં નવજાત શિશુનો મૃતદેહ મળી આવ્યો





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં નાગેશ્વર પાર્ક વિસ્તારમાં આજે સવારે એક નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર જાગી છે. સીટી બી. ડિવિઝન પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃત શિશુનો કબજો સંભાળ્યો છે, અને બાળકને ત્યજી દેનાર માતાની શોધખોળ હાથ ધરી છે.આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં નાગેશ્વર પાર્ક વિસ્તારમાં એક નિર્જન સ્થળે નવજાત શિશુ કપડામાં વીંટળાયેલી અવસ્થામાં પડ્યું હોવાની માહિતી ત્યાંથી પસાર થનાર નાગરીકે પોલીસને આપી હતી. જેથી સિટી બી. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને મૃત બાળકનો કબજો સંભાળી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. કોઈ અજ્ઞાત સ્ત્રી દ્વારા પોતાનો ગર્ભ છુપાવવા માટે આ કૃત્ય આચારવામાં આવ્યું હોવાનું અનુમાન લગાવાયું છે, અને બાળકને મૃત હાલતમાં ત્યજી દેનાર માતાની પોલીસ દ્વારા શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

# જામનગરમાં જનેતાએ પુત્રને છરી મારી દેતાં કર્યો આપઘાતનો પ્રયાસ

જામનગર : જામનગર શહેરમાં સગી માતાએ ૧૪ વર્ષના પુત્રને કોઈ કારણોસર પગમાં છરીનો એક ઘા મારતાં ડરી ગયેલા પુત્રએ ઝેરી પ્રવાહી પી લેતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જે અંગેના પુત્રએ આક્ષેપો કર્યા છે. બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

ચકચાર જનક આ વિચિત્ર બનાવની વિગત એવી છે કે. શહેરના એ ક વિસ્તારમાં રહેતા પરિવારમાં આજે બપોરના એક વિચિત્ર બનાવ બન્યો છે. જેમાં ઘરમાં કોઈ પણ બાબતે માતાએ તેમના જ ૧૪ વર્ષના પુત્રને મારકુટ કરીને પગના ભાગે છરીનો છરકો મારી દીધો હતો. અને લોહી નિકળવા લાગ્યું હતું. માતાના આ સ્વરૂપને જોઈને ડરી ગયેલા પુત્રએ આજે બપોરે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેમણે માતા ઉપર આક્ષેપો કર્યા હતાં. પરંતુ આ બાબતે પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાઈ નથી. આ ઘટનાથી સગા સબંધીઓ પણ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતાં. આ બનાવથી શહેરમાં તેમજ સમાજમાં ચકચાર વ્યાપી ગઈ છે.

# જામનગરમાં બ્રાસની પેઢી સાથે રૂ. ૫૦.૪૫ લાખની છેતરપિંડી


## અન્ય બ્રાસના વેપારીએ માલ ખરીદ્યા પછી પેઢી બંધ કરી ભાગી છુટતા ગુનો નોંધાયો

જામનગર : જામનગરના બ્રાસપાર્ટના એક વેપારી સાથે અન્ય એક વેપારીએ રૂપિયા ૫૦.૪૫ લાખનો બ્રાસનો માલ સામાન ખરીદ્યા પછી પેઢીને તાળું મારી રફુચક્કર થઈ જતાં છેતરપિંડી કાર્યવા અંગેની પોલીસમાં ફરિયાદ ઉઠવા પામી છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં બાલમુકુન્દ સોસાયટીમાં રહેતા અને ઉદ્યોગ નગર વિસ્તારમાં બ્રાસપાર્ટનું કારખાનું ધરાવતા સુખદેવસિંહ પ્રવિણસિંહ જાડેજાએ પોતાની સાથે રૂપિયા ૫૦,૪૫,૫૮૩ ની છેતરપીંડી કરવા અંગે જામનગરમાં ગોકુલ દર્શન સોસાયટી શેરી નંબર ૨માં રહેતા ધર્મેશ જમનભાઈ રામોલિયા સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી સુખદેવસિંહ જાડેજાની બ્રાસપાર્ટની પેઢીમાંથી આરોપી મંત્રી એન્ટરપ્રાઇઝના માલિક ધર્મેશ જમનભાઈ રામોલિયા કે જાણે જુદા જુદા સમયે બ્રાસપાટનો માલ સામાન ખરીદ્યો હતો, જેનું વજન ૯૯૩૩.૮ કિલો, અને તેની અંદાજે બજાર કિંમત જીએસટી સહિત ૫૦.૪૫ લાખ થવા જાય છે. જે બ્રાસની આઈટમો મેળવી લીધા પછી પૈસા આપવામાં ઠાગાઠૈયા કર્યા હતા, અને આખરે પોતાની પેઢીને તાળું મારીને પૈસા ચૂકવ્યા વિના રફુચક્કર થઈ ગયો હતો. કારખાનેદાર સુખદેવ સિંહ જાડેજા દ્વારા સીટી સી. ડિવિઝન પોલીસમાં આરોપી ધર્મેશ જમનભાઈ રામોલિયા સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર હાપા માર્કેટ યાર્ડમાં જણસોની આવક પુનઃ શરૂ

## ચણા, રાયડો, ધાણા, જીરૂ સહિતની જણસોની આજથી હરાજીની પ્રક્રિયાઓ હાથ ધરાઈ







તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : રૂપિયા ૧૪૦૦ કરોડ ઉપરાંતનું ટર્ન ઓવર ધરાવતું જામનગરનું હાપા માર્કેટિંગ યાર્ડ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ના અંત સમયે વેપારીઓના હિસાબી કામ માટે ૧૦ દિવસ બંધ રહ્યા બાદ હવે તા.૧ એપ્રિલથી આ યાર્ડમાં નવી આવકો લેવાનું શરૂ થયા બાદ નવા નાણાકીય વર્ષના પ્રથમ સોદાઓ આજે તા.૨થી શરૂ થતાં હાપા યાર્ડ આર્થિક પ્રવૃત્તિઓથી પુનઃ ધમધમતું થઈ જશે.

૧૯૯૦ના દાયકામાં સ્થપાયેલા જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં ૯૦ જેટલા વેપારીઓ અને ૧૫૦થી વધુ કમિશન એજન્ટો કાર્યરત છે. આ યાર્ડમાં વર્ષભરમાં હજારો ટન ખાદ્ય જણસોની તેમજ કપાસની આવક થાય છે. જેની હરરાજીની પ્રક્રિયા સતત ચાલુ રહે છે. છેલ્લા બે વર્ષથી તો દર ચોમાસા બાદ મગફળી પાકી જાય તે બાદ તામીલનાડુના વેપારીઓના જુથ જામનગરના હાપાયાર્ડ ખાતે પહોંચીને તેમજ હવે તો ખેતરો સુધી પહોંચીને ઉંચા ભાવે મગફળીની ખરીદી કરતા હોવાથી ખેડુતોનો મોટાભાગનો વર્ગ સરકારની ટેકાના ભાવની મગફળીની ખરીદી ચાલુ થાય તેની રાહ જોતો નથી અને મોટાભાગે તેમાં ભાગ લેતો નથી. તાજેતરમાં ગત તા. ૨૨થી તા.૩૧ માર્ચ સુધી વેપારીઓની સુવિધા ખાતર માર્કેટિંગ યાર્ડ બંધ રાખવામાં આવ્યું હતું. જે બાદ તા.૧ એપ્રિલથી યાર્ડમાં ધાણા, ચણા, જીરૂ, મગફળી, અજમો તેમજ અનાજ અને કઠોળની આવક શરુ કરાવવામાં આવી હતી. જે મોડી સાંજ સુધી ચાલુ રહી હતી. જણસોની આવક બાદ આજે તા.૨ના રોજ જણસોની હરરાજી શરુ કરવામાં આવી રહી છે. જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડના કદની વાત કરીએ તો વર્ષે દહાડે હજારો ટન જણસોની આવકને કારણે યાર્ડનું ટર્ન ઓવર રૂ.૧૪૦૦ કરોડનું છે. તેથી યાર્ડની વાર્ષિક શેષની આવક રૂ.૭ કરોડ મળીને કુલ રૂ.૮ કરોડ જેટલી છે. હાપા માર્કેટિંગ યાર્ડના નવા ડાયરેક્ટરોની કારોબારીની ભાજપા પ્રેરિત પેનલ ચુંટાઈ ગઈ છે. પરંતુ આચારસંહિતાને કારણે હોદ્દેદારોની નિમણૂંક માટેની પ્રથમ કારોબારીની બેઠક બોલાવી શકાઈ નથી. આ બેઠક હવે આચારસંહિતા પુરી થયા બાદના મહિનામાં મળે તેવી શક્યતા છે તેમ યાર્ડના સુત્રો જણાવે છે.

# રાજકોટ મહિકાના પરશુરામ ખોડિયાર આશ્રમના મહંત હૃદય ધબકારા ચુકી ગયું : સેવકોમાં શોક

## પોપટપરાના રિક્ષાચાલકનું પણ કોઠારીયા રોડ પર રિક્ષામાં એટેક આવી જતાં મોત નીપજ્યું

રાજકોટ

રાજકોટના ત્રંબા નજીક મહિકા ગામમાં આવેલા આશ્રમના મહંતનું હાર્ટ એટેકથી નિધન થતાં સેવકગણોમાં શોક છવાઇ ગયો હતો. સવારે સેવકો જગાડવા આવ્યાર ત્યારે બેભાન મળતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમને નિષ્પ્રાણ જાહેર કરવામાં આવ્યા્ હતાં.

જાણવા મળ્યાશ મુજબ મહિકા ગામે આવેલા પરશુરામ ખોડિયાર આશ્રમના મહંત નારાયણ સ્વંરૂપાનંદજી સરસ્વપતી (ઉ.વ.૬૨) બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ તેમને નિષ્પ્રાણ જાહેર કરવામાં આવતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. બનાવની જાણ થતાં રાજકોટ તેમજ ગામમાંથી અને આસપાસના ગામોમાંથી મોટી સંખ્યાહમાં સેવકો દોડી આવ્યા હતાં. સેવકોએ જણાવ્યુંમ હતું કે નારાયણ સ્વરરૂપાનંદજી મુળ ટંકારાના મેઘપરના વતની હતાં. તેમણે ત્રીસ વર્ષ પહેલા સંસાર ત્ય જી દીધો હતો અને સાધુ બની ગયા હતાં. તેમના પરિવારજનો સુરત રહે છે. આજે સવારે સેવક આશ્રમે આવ્યાર અને મહંતને જગાડયા ત્યારે ન જાગતાં બીજા સેવકોને બોલાવાયા હતાં અને દવાખાને ખસેડાયા હતાં. પરંતુ તેમને મૃત જાહેર કરવામાં આવ્યાન હતાં. મહંતે કોરોનાકાળમાં લોકોની ખુબ સેવા કરી હતી. તેમનું આયુર્વેદનું જ્ઞાન પણ સારુ હતું. તેમણે અસંખ્યં સંસ્કૃત શ્લોક કંઠસ્થ હતાં. કુંભમેળામાં મુખ્યુમંત્રી યોગી આદિત્યનાથના હસ્તેં તેમનું ખાસ સન્માન પણ થયું હતું. આજે હાર્ટએટેકથી તેમનું અવસાન થતાં સેવકગણમાં શોક છવાઇ ગયો હતો.

હાર્ટએટેકના બીજા બનાવમાં પોપટપરામાં રહેતાં મહેબુબભાઇ હાસમભાઇ રાઉમા (ઉ.વ.૪૩) સાંજે રિક્ષા લઇને કોઠારીયા રોડ પર જતાં હતાં ત્યારરે ડો.આંબેડકર પ્રવેશ દ્વાર નજીક તેઓ રિક્ષામાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું સારવાર દરમિયાન મૃત્યુગ થયું હતું. તે ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ અને તૌફિકભાઇ જુણાચે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. બનાવથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.



# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વત્ર ગરમીમાં રાહત

## સવારે પવન સાથે સામાન્યં ઠંડકબાદ આખો દિ' ઉકળાટ



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વત્ર અસહ્ય ઉકાળટનો અનુભવ થઇ રહ્યો છે. લોકો પરસેવે રેબઝેબ થઇ રહ્યા છે. બપોરના સમયે લોકો પરસેવે રેબઝેબ થઇ રહ્યા છે. અને મહત્તમ તાપમાનનો પારો પણ ઉંચે ચડતા લોકોને આકરા ઉનાળાનો અનુભવ થઇ રહ્યો છે. વહેલી સવારે પવન સાથે સામાન્યઅઠંડકનો અહેસાસ થતો રહે છે જો કે ત્યારબાદ અસહ્ય ગરમી પડે છે.

જુનાગઢ સવારથી હવામાનમાં પલટો આવતા સોરઠના આકાશમાં વાદળો છવાઇ ગયા હતાં. બીજી તરફ સવારનું લઘુતમ તાપમાન સ્થિર રહ્યું હતું. સવારે આકાશમાં વાદળા છવાઇ જતા લઘુતમ તાપમાન ૨૨.૨ ડીગ્રી રહ્યું હતું.

જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટીને ૫૬ ટકા થઇ ગયું હતું. સવારે પવનની પ્રતિ કલાકની ઝડપ ૪ કિલો મીટરની રહી હતી. હવામાનમાં પલટો આવતા ખેડૂતોના જીવ પડીકે બંધાઇ ગયા છે. જો કે કમોસમી વરસાદની શકયતા ન હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું.જામનગરમાં લઘુતમ તાપમાન ૨૧, મહત્તમ તાપમાન ૩૫, ભેજનું પ્રમાણ ૮૮ ટકા, પવનની ગતિ ૭.૩ કિ. મી. પ્રતિ કલાક રહી હતી.

# રાજકોટ મનપા ફૂડ શાખાએ લીધેલ મુખવાસ તેલ, ડ્રાયફ્રુટ કેશર શિખંડમાં ફુડ કલરના છ નમુના નાપાસ

રાજકોટ,

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની ફુડ વિભાગ દ્વારા વિવિધ વિસ્તારમાંથી તાજેતરમાં અમૃત મુખવાસમાંથી મીઠો મુખવાસ અને પાનસુરી મુખવાસ, પ્રકાશ સ્ટોર્સમાંથી નંદા મુખવાસ હીરામોતી ફલેવર અને ફેન્સી મીઠો મુખવાસ (કેસરી) તથા શ્રી રામ માર્કેટીંગમાંથી શુધ્ધ સીંગતેલ, રામેશ્વર ચોક, ગાયત્રી ડેરી ફાર્મમાંથી ડ્રાયફ્રુટ કેશર શીખંડ (લુઝ)નો નમુના લેવામાં આવતા ૬ નમુના પૃથ્થકરણ રિપોર્ટમાં સબ સ્ટાન્ડર્ડ (નાપાસ) જાહેર થયા છે.

આ અંગે મનપાની સતાવાર યાદીમાં જણાવ્યા મુજબ અમૃત મુખવાસ પરાબજાર મેઇન રોડ રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાઠા મીઠો મુખવાસ ૧ કિ.ગ્રા. પેકેટ તથા પાનચુરી મુખવાસ (૧ કિ.ગ્રા. પેકેટ) નો નમુનો તપાસ બાદ પૃથ્થકરણ રીપોર્ટમાં સેન્થેટીક ફુડ કલરનું પ્રમાણ ધારાધોરણ કરતા વધુ મળી આવતા નમુનો સબ સ્ટાન્ડેર્ડ જાહેર થયેલ છે. જે અંગે એજયુડીકેશન કાર્યવાહી કરવામાં આવશે. જયારે પ્રકાશ સ્ટોર્સ નવા નાકા રોડ જુની પ્રહલાદ ટોકીઝ પાસે રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ નંદા મુખવાસ હીરામોતી ફલેવર (૫૦૦ ગ્રામ પેકેડ)ફુડ અને 'ફેન્સી મીઠો મુખવાસ (કેસરી) (૧ કિ.ગ્રા. પેકડ)' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રીપોર્ટમાં સેન્થેટીક ફુડ કલરનું પ્રમાણ ધારાધોરણ કરતાં વધુ મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત ફુડ વિભાગ દ્વારા શ્રીરામ માર્કેટીંગ ઈ-૫૦ જુનું માર્કેટીંગ યાર્ડ, આરટીઓ પાસે, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ આઇ શ્રી સોનલ બ્રાન્ડ દેશી ઘાણીનું ૧૦૦ ટકા શુધ્ધ સીંગ તેલ (૧૫ કિ. ગ્રા. પેકડ ટિન માંથી) નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રીપોર્ટમાં બી. આર. રીંડીગ એટી ૪૦ સે. તથા આયોડિન વેલ્યુનું પ્રમાણ ધારાધોરણ કરતાં વધુ મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ગાયત્રી ડેરી ફાર્મ રામેશ્વર ચોક, ગીતગુર્જરી સોસાયટી મેઇન રોડ, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ડ્રાયફ્રુટ કેશર શિખંડ (લુઝ) નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં સેન્થે ટિક ફુડ કલરની હાજરી મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે. જે અંગે એજયુડીકેશન કાર્યવાહી કરવામાં આવશે.

# રાજકોટમાં પાંચ સગીર ચોરીના રવાડે ચડયાઃ પાંચ વાહનોની ચોરી કરી

## રાતે જે વાહનમાં ચાવી હોય તે ઉઠાવી નંબર પ્લેંટ કાઢી નાખતા હતા

રાજકોટ,

રાજકોટ શહેરમાં વાહનચોરીના બનાવો બનતાં અટકાવવા અને આવા ગુનાઓનો ભેદ ઉકેલવા ભક્તિનગર પોલીસની ટીમ કાર્યરત હતી ત્યારે કોન્સ . પુષ્પરાજસિંહ ગોહિલ અને રાજદિપસિંહ જાડેજાને મળેલી બાતમી પરથી પાંચ બાળ કિશોરોને સકંજામાં લીધા હતાં. આ પાંચેય ટાબરીયાઓએ શહેરના અલગ અલગ વિસ્તાપરોમાંથી છેલ્લા ૨૦ દિવસ દરમિયાન પાંચ ટુ વ્હીચલરની ચોરી કર્યાનું કબુલતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી. વાહન ફેરવવાનો શોખ પુરો કરવા માટે આ પાંચેય જે વાહનમાં ચાવી લાગેલી હોઇ તે વાહન ઉઠાવી લેતાં હતાં.


તસવીર : दिलिप गोहेल

ભક્તિફનગર પોલીસે કોઠારીયા રોડ પરથી આ પાંચેય કિશોરને ચોરાઉ એકટીવા સાથે ઝડપી લીધા હતા. પૂછપરછમાં આનંદનગર મેઈન રોડ પરથી હોળીના આગલા દિવસે આ એકટીવા ચોરી કર્યાની કબુલાત આપી હતી. બીજા ચોરાઉ વાહનો આરએમસીના પાર્કીંગની દિવાલ પાસે છુપાવી દીધાની કબુલાત આપતા ત્યાંતથી બીજા ચારવાહનો પણ પોલીસે કબ્જો કર્યા હતા.

ચાઈલ્ડન વેલ્ફેબર ઓફિસરની હાજરીમાં આ પાંચેય કિશોરની પોલીસે પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે તેઓ ધારણ ૭ થી ધારણ-૯માં અભ્યાનસ કરે છે. ખરાબ સંગતને કારણે વાહનચોરીના રવાડે ચડી ગયા હતા. રાત્રે જે વાહન ચાવી સાથે દેખાય તેની ચોરી કરી, નંબર પ્લેરટ કાઢી તેનો ઉપયોગ કરતા હતા. પોલીસે રૂા. ૧.૯૦ લાખની કિંમતના પાંચ ચોરાઉ ટુવ્હી લર કબ્જેબ કર્યા હતાં. જેમાંથી ત્રણ વાહન ભક્તિાનગર પોલીસની હદમાંથી ઉઠાવાંયા હતાં અને બાકીના બે ટુ વ્હીકલરની કઈ જગ્યાલએથી ચોરી કર્યા તેની તપાસ થઇ રહી છે. પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયા અને સર્વેલન્સ ટીમે આ કામગીરી કરી હતી.

# રાજકોટના કુવાડવા નજીક પેપર કોટીંગના કારખાનામાંભીષણઆગ:લાખોનુંનુકસાન

## રાજકોટ ફાયર બ્રિગેડ સ્ટાફે સ્થળ પર પહોંચી આગ બુઝાવી


તસવીર : दिलिप गोहेल

રાજકોટ,

રાજકોટ શહેરના કુવાડવા ગામ સાતરડા રોડ પર આવેલા શ્રી નાથજી ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં દ્વારકાધીશ પેપર પ્રા. લી. નામના કારખાનામાં એકાએક આગ લાગી હતી. બનાવ બનતા કોઈએ જાણ કરતા ફાયર બ્રિગેડ સ્ટાંફે સ્થપળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. આગ પેપર મીલમાં મશીનરીમાં લાગી હતી. આગમાં ૧૫૦ ટન સીલીકોન કોટીંગ પેપરનો તૈયાર માલ અનેક કાચો માલ તેમજ ઈલેકટ્રીક વાયરીંગ બળી ગયુ હતું. તેમજ મશીનરીનું એક યુનિટ બળી ગયું હતું. તેમાં ૬૦૦ કિલો કેમીકલનું નુકશાન થયુ હતું. અને તેમાં અંદાજે રૂા. ૭૦ લાખનું નુકશાન થયુ હોવાનું કારખાનાના માલીક કિશનભાઈ વિજયભાઇ વાઢેર જણાવ્યું હતું.

# રાજકોટ રાજમાર્ગો પરથી ગેરકાયદે રાજકીય - સામાજીક સંસ્થાના ૧૨ હજાર બોર્ડ - બેનરોના દબાણો હટાવાયા

## વિવિધ વિસ્તારોમાંથી નડતરરૂપ ૧૭૯ રેંકડી, કેબીન તથા પરચુરણ માલસામાન જપ્ત : ૩.૩૯ લાખની વસુલાત

રાજકોટ,

રાજકોટ મનપા દબાણ હટાવ શાખા દ્વારા છેલ્લા ૧૦ દિવસમાં શહેરના વિવિધ વિસ્તરમાં નડતરરૂપ ૫૧ રેંકડી - કેબીન અને ૧૧,૮૩૦ બોર્ડ - બેનરો જપ્ત કરી રૂા. ૩,૩૯,૧૩૦નો વહીવટી ચાર્જ વસુલ કરેલ છે.

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૧૭ માર્ચ થી તા. ૨૭ માર્ચ દરમ્યાાન ?રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાકએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્યૂ ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જેમાં મવડી મેઈન રોડ,પુષ્કલરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ,રામાપીર ચોકડી, ગુંદાવાડી, જયુબેલી માર્કેટ, બજરંગવાડી, જામનગર રોડ, અશોક ગાર્ડન, બુધવારી, ગાયત્રીનગર મેઈન રોડ, આહીર ચોક?પાસેથી રસ્તાી પર નડતર રૂપ?૫૧?રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.



તસવીર : दिलिप गोहेल

જયોતિનગર, નાણાવટી ચોક,પંચાયત ચોક, ગોવિંદબાગ, નાના મૌવા મેઈન રોડ, આનંદ બંગલા ચોક, ખાદીભવન સામે, અર્ટીકા, રવિરત્નક પાર્ક, માધાપર ચોકડી, જામનગર રોડ, કોર્ટ ચોક, ગાયાત્રીનગર, હોસ્પિંટલ ચોક, ગરૂડ ગરબી ચોક?પરથી જુદીજુદી અન્ય ૧૨૮ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

વેસ્ટ ઝોન, પંચાયત ચોક, રામાપીર ચોકડી, પુષ્કરધામ મેઈન રોડ, માધાપર રિંગ રોડ, લક્ષ્મીનગર નાલા પાસેથી ૧૦૨૯ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ. પુષ્કુરધામ મેઈન રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ, નંદનવન, મવડી વિસ્તાીર, મટકી ચોક, સ્વામીનારાયાણ ચોક પરથી? રૂ.૧,૬૧,૫૩૦ મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ, કુવાડવા રોડ ૮૦ફુટ રોડ, અર્ટિકા ફાટક, જામનગર રોડ,ટાગોર રોડ, આનંદબંગલા ચોક, મવડી મેઈન રોડ, આહિર ચોક?પરથી રૂ.૧,૭૭,૬૦૦ વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત કાલાવડ રોડ,યુનિ. રોડ, સ્પિડવેલ ચોક સુધી, સાધુવાસવાણી રોડ, ઢેબર રોડ, જામનગર રોડ, ટાગોર રોડ, રેસકોર્ષ રિંગરોડ,?સંતકબીર રોડ પાસેથી ૧૧,૮૩૦ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે.

# જસદણના કડુકાના શિક્ષક સુરેશે યુવતિને લગ્નના નામે ફસાવી વારંવાર દૂષ્કર્મ આચરી લીધું

## હોટેલમાં લઈ જઈ મંગલસુત્ર પહેરાવી સિંદુર પૂરી લગ્ન થઈ ગયાનું કહી સંબંધ બાંધી લીધો

રાજકોટ,

મુળ જસદણના કડુકામના અને હાલ છોટાઉદેપુર રહી શિક્ષક તરીકે નોકરી કરતાં યુવાનના સંપર્કમાં આવેલી યુવતિને આ શિક્ષકે પ્રેમજાળમાં ફસાવી રાજકોટની હોટેલમાં લઇ જઇ ભગવાનના ફોટા સામે મંગલસુત્ર પહેરાવી, સેંથીમાં સિંદુર પુરી હવે આપણા લગ્ન થઇ ગયા કહી શરીર સંબંધ બાંધી લીધા બાદ લગ્નની લાલચ દઇ અવાર-નવાર આ રીતે શોષણ કરી છેલ્લે ફોન નંબર બ્લે કલિસ્ટબમાં મુકી દઇ દગાખોરી કરતાં યુવતિએ એ-ડિવીઝન પોલીસમાં જાણ કરતાં પોલીસે બળાત્ક્ા, એટ્રોસીટી હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે.ભોગ બનનાર યુવતિએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે હું રાજકોટમા અલગ અલગ જગ્યાનએ સાતેક વર્ષથી એકલી રહેતી હતી અને પ્રાઈવેટ નોકરી કરતી હતી. અઢી વર્ષ પહેલા ઈન્ટાધગ્રામ મારફત મારો સંર્પક સુરેશ ધનજીભાઇ આંધાણી (રહે. કડુકા તા. જસદણ) સાથે થયો હતો. આ પછી અમે એક બીજાને ફોન નંબર આપ્યાશ હતાં અને ત્યાીરબાદ અમે પ્રેમમાં પડયા હતાં. સુરેશ મને રાજકોટમાં અલઅગ અલગ જગ્યાએએ ફરવા લઇ જતો હતો. ૨૭/૫/૨૨ના રોજ તે મને રાજકોટમાં સાંગણવા ચોકમાં આવેલી હોટેલમાં લઇ ગયો હતો. જયાં તેણે ભગવાનના ફોટા સામે મંગલસુત્ર પહેરાવ્યું હતું, સેંથીમાં સિંદુર પુર્યુ હતું અને કહ્યું હતું કે આજથી આપણા લગ્ન થઇ ગયા, આજથી આપણે પતિ-પત્નિુ છીએ. આપણે સમાજમાં પણ લગ્ન કરીશું. તેમ કહી શરીર સંબંધ બાંધી લીધો હતો અને જતો રહ્યો હતો. બાદમાં મને ખબર પડી હતી કે તે જયાંણ નોકરી કરે છે ત્યાંરની એક છોકરી સાથે પણ તેને સંબંધ છે. મને આની જાણ થતાં હું છોટાઉદેપુર ગઇ હતી. ત્યાો પહોંચી સુરેશને ફોન કરતાં ફોન બંધ આવતો હતો. જેથી હું તેના મકાને પાવી જેતપુર ખાતે જતાં સુરેશ મને મળ્યોત હતો. મેં તેને લવમેરેજ કરી લઇએ તેમ કહેતાં તેણે મને કહેલું કે હા કરી લઇશું. આ પછી રાતે નવ સુધી હું ત્યાં રોકાઇ હતી. તે વખતે સુરેશના સગા પણ ત્યાં આવ્યા હતાં. આ બધાએ પણ કહેલુ કે તારા અને સુરેશના લગ્ન કરાવવાના છે તું તારી ઘરે વાત કરી લે. આ પછી હું સહમત થઇ હતી અને પરત આવી ગઇ હતી. પરંતુ ત્યારરબાદ સુરેશે મારો ફોન નંબર બ્લોરક લિસ્ટામાં મુકી દીધો હતો. છેલ્લે સુરેશે છુટાછેડાનું લખાણ મારી પાસે બળજબરીથી કરાવી લીધુ હતું. તેણે સતત લગ્નના વાયદા કર્યા હોઇ મેં ફરિયાદ નોંધાવવાનું ટાળ્યું હતું. પણ હવે તે લગ્ન કરતો ન હોઇ ફરિયાદ કરવી પડી છે. તેમ ભોગ બનનાર યુવતિએ જણાવતાં એ-ડિવીઝન પીઆઇ આર. જી. બારોટ, વિરભદ્રસિંહ અને પ્રવિણભાઇ સહિતે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજકોટમાં લીફટમાં માથું ફસાઈ જતાં મહિલાના મોત મામલે ગુનો દાખલ

## દોઢ માસ પૂર્વે વાવડીના કારખાનાનો બનાવ : કારખાનેદાર વિરૂદ્ધ ગુનો નોધાયો

રાજકોટ,

રાજકોટ શહેરના વાવડી ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં એડીશન એન્ટરપ્રાઈઝ નામના કારખાનામાં દોઢ માસ પહેલા લીફટમાં માથુ ફસાઇ જતાં ગીતાબેન રમેશભાઇ દયાતર (ઉ.વ. ૩૮, રહે. ઘંટીયા, પ્રાચી, તા. સુત્રાપાડા)નું મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટનામાં રાજકોટ તાલુકા પોલીસ મથકમાં કલમ ૩૦૪ હેઠળ કારખાનેદાર વિરુદ્ધ ગુન્હો નોંધ્યો હતો.

આ બનાવ અંગે મૃતક ગીતાબેનની પુત્રી કૃપાબેન (ઉ.વ. ૨૪)એ કારખાનેદાર પિયુષ દેવચંદભાઇ ખુંટ(રહે. સ્કાય હાઈટ્સ ૧૫૦ ફૂટ રોડ) સામે ગેરકાયદે લીફટ રાખી, બેદરકારી દાખવી, તેની માતાનું મોત નિપજાવવા બદલ સાપરાધ મનુષ્ય વધ હેઠળ ફરિયાદ નોંધાવી છે.

કૃપાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, માતા ગીતાબેન સાથે નોકરી કરતી પુત્રી પ્રિયા કે જે કારખાનામાં ત્રીજા માળે કામ કરતી હતી તેને પાણી પીવું હોવાથી તે કારખાનાની અંદર આવેલ માલ સામાન ઉપરના માળે લઈ જવાની ઓપન લીફટમાં પાણીની બોટલ લઈ જઈ રહ્યા હતા ત્યારે તેનું માથુ લીફટમાં ફસાઇ જતાં ગંભીર ઈજા થતાં મૃત્યુ નિપજ્યું હતું. આ મામલે હાલ તાલુકા પોલીસ મથકના પીએસઆઈ કે.એચ.કારેણા અને સ્ટાફ તપાસ ચલાવી રહ્યો છે.